Friday, 16 January 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



ક્ષમાનો રસ્તો અપનાવો, તેથી તમે વાસ્તવિક શાંતિ મેળવી શકો.
- મહાત્મા ગાંધીજી

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૬ ● સંવત-૨૦૮૨ પોષ વદ તેરસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## દમણ રાજીવ ગાંધી સેતૂ ઉપર 'વિકાસ'નો ટ્રાફિક જામ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

દમણના થયેલા અદ્ભૂત વિકાસના કારણે ફક્ત પડોશના સુરત કે મુંબઈના જ નહીં, પરંતુ સમગ્ર ભારતના પ્રવાસીઓ આકર્ષિત થયા છે. જેના કારણે શનિ અને રવિવાર તથા રજાના દિવસોએ પ્રવાસીઓના ઘોડાપૂર ઉમટે છે. દમણમાં પોતાની ક્ષમતા કરતા વધુ પ્રવાસીઓ આવવાથી હવે દમણનો રાજીવ ગાંધી સેતૂ સાંકડો પડી રહ્યો છે.

બીજી બાજુ દમણના અદ્યતનીકરણનું કામ પણ પુરા વેગથી ચાલી રહ્યું છે. હાલમાં ભારત પેટ્રોલ પંપથી ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ સુધી રસ્તાના વિસ્તૃતિકરણ માટે ખોદાણકામ ચાલુ છે. જેના કારણે નાની દમણ અને મોટી દમણથી આવતા-જતા વાહનચાલકોને રાજીવ ગાંધી સેતૂથી આવવા અને જવા માટે ટ્રાફિકમાં અટવાવાની ઘટના રોજીંદી બની ગઈ છે અને બ્રિજ ઉપર પણ ટ્રાફિક જામની સ્થિતિ યથાવત રહેતી દેખાય છે.

નમો પથ અને રામસેતૂ બીચ રોડને જોડતા પ્રસ્તાવિત સિગ્નેચર બ્રિજ અને આંબાવાડીથી નાની દમણ વડ ચોકી વચ્ચેના કોસ્ટલ હાઈવે બ્રિજના નિર્માણની ખુબ જરૂરિયાત મહેસૂસ થઈ રહી છે.

## સ્માર્ટ સીટી સેલવાસને સજાવી-ધજાવીને અપાઈ રહેલો નવો આકાર



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સેલવાસ નગરપાલિકા દ્વારા 'સ્વચ્છ સેલવાસ, સુંદર સેલવાસ'ની થીમ ઉપર વિવિધ સ્થાનોની દિવાલો ઉપર ચિત્રકળા દ્વારા સજાવટથી સુશોભિત કરવાના કાર્યનો આરંભ થયો છે. સેલવાસના નરોલી રોડ ઉપર કલાકાર પોતાની સુંદર ચિત્રકળા દ્વારા સ્માર્ટ સીટી સેલવાસના નાગરિકોને સ્વચ્છતાનો સંદેશ પણ આપી રહ્યા છે. નાગરિકો અને પ્રવાસીઓ જિલ્લા પ્રશાસનના આ પ્રયાસની સરાહના પણ કરી રહ્યા છે.** - તસવીરઃ પરેશ ગજ્જર

# દાનહના સોશિયલ મીડિયા પર કામ કરતા કેટલાક યુટુબર્સ સામે પોલીસની લાલ આંખ

**યુટ્યુબ ચેનલો ચલાવનારાઓ ઉદ્યોગપતિઓ, દુકાનદારો અને સામાન્ય લોકોને પૈસા પડાવવા અથવા તેમની તરફેણ મેળવવાના ઈરાદે ઉશ્કેરણી, ધાક-ધમકી આપી રહ્યા હોવાની પોલીસને મળેલી માહિતી**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સેલવાસ, તા.૧૫**

દાનહ પોલીસની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે સોશિયલ મીડિયા પર કામ કરતા કેટલાક યુટુબર્સ ઉદ્યોગો, મજૂર વિરોધી ઉદ્યોગો દ્વારા નિયમોનું પાલન ન કરવા અથવા માદક દ્રવ્યોના ઉપયોગ અંગે ખોટા સમાચાર ફેલાવી રહ્યા છે અને ઉદ્યોગપતિઓ, દુકાનદારો અને સામાન્ય લોકોને પૈસા પડાવવા અથવા તેમની તરફેણ મેળવવાના ઈરાદે ઉશ્કેરણી, ધાક-ધમકી આપી રહ્યા છે એવું ધ્યાનમાં આવેલ છે. તેમાંના કેટલાક સરકારી અધિકારીઓનો ઢોંગ કરી રહ્યા છે અથવા આવી પ્રવૃત્તિઓ કરવા માટે ખોટી રીતે સરકારી અધિકારીઓના એજન્ટ હોવાનો દાવો કરી રહ્યા છે. આવી ગુનાહિત પ્રવૃત્તિઓની ગંભીર નોંધ લેવામાં આવી છે અને તેઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની તૈયારી ચાલી રહી છે.

આવા લોકો વિરુદ્ધ સેલવાસ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવાની અને ખંડણી નેટવર્કનો પર્દાફાશ કરવા માટે વધુ તપાસ ચાલી રહી છે. ગુનાહિત પ્રવૃત્તિમાંથી મળેલા કોઈપણ નાણાકીય લાભને ગુનાહિત પ્રવૃત્તિમાંથી મેળવેલ ગુનાની આવક તરીકે ગણવામાં આવશે અને તે મુજબ મિલકત/નાણાકીય લાભની જપ્તી માટે કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

દાનહ પોલીસ દ્વારા આવી યુટુબર્સ અને સોશિયલ મીડિયાના પ્રતિનિધિઓને ખોટી પ્રવૃત્તિઓથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે અને પ્રદેશના ઉદ્યોગપતિઓ/જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે કે કોઈપણ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિ/ઘટનાની જાણ પોલીસને કરવામાં આવે જેથી ગુનો આચરનારાઓ સામે જરૂરી પગલાં લઈ શકાય.

### સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત

## નાની દમણના આંટિયાવાડ ગ્રા.પં. વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૧૫**

આજે નાની દમણના આંટિયાવાડ ગ્રામ પંચાયત વિસ્તારમાં 'સ્વચ્છતા પખવાડિયા' અંતર્ગત પ્રથમ દિવસે વોટર સપ્લાય રોડ, આંટિયાવાડ તેમજ દિવ્ય જ્યોતિ સ્કૂલની આજુબાજુ સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. આ દરમિયાન સમગ્ર વિસ્તારમાં સાફ-સફાઈ કરવામાં આવી હતી અને સાથે સાથે દિવ્ય જ્યોતિ સ્કૂલની મુલાકાત પણ લેવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં આંટિયાવાડ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી સુનિતાબેન પટેલ, જિલ્લા પંચાયત સભ્ય શ્રી ધનસુખભાઈ પટેલ, આંટિયાવાડ પંચાયત



વોર્ડના સભ્યો શ્રી ભાવેશભાઈ પટેલ, શ્રી તેજલભાઈ પટેલ, શ્રી પ્રવિણભાઈ પટેલ, શ્રી વિવેકભાઈ પટેલ, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રીમતી નયનાબેન પટેલ, શ્રીમતી રોશનીબેન પટેલ, દ્રષ્ટિબેન પટેલ, શ્રીમતી હિનાબેન પટેલ, સુનિતાબેન પટેલ, તથા આંટિયાવાડ ગ્રામ પંચાયતનો સ્ટાફે હાજર રહી સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો હતો. સ્વચ્છતા, સ્વાસ્થ્ય અને સ્વચ્છ પર્યાવરણ માટે સૌના સહકારથી આ અભિયાનને સફળ બનાવવા અપીલ કરવામાં આવી હતી.

### 'સ્વચ્છતા પખવાડા' અંતર્ગત

## મોટી દમણના મગરવાડા ગ્રુપ ગ્રામ પંચાયત દ્વારા સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૧૫**

આજે મોટી દમણના મગરવાડા ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારમાં 'સ્વચ્છતા પખવાડિયા' અંતર્ગત સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરાયો હતો. દિવસે પ્રથમ ઝરી, પટેલ ફળિયા, ભગવાન બિરસા મુંડા ચોક સર્કલની આજુબાજુ તેમજ પ્રતિમા ની સાફ-સફાઈ કરી ફૂલહાર અર્પણ કરી આશીર્વાદ મેળવી સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. દરમિયાન સરપંચ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય શ્રી શીતલભાઈ નટુભાઈ પટેલ તેમજ વોર્ડ સભ્ય શ્રી પ્રવીણભાઈ ધોડી, શ્રી શૈલેષ પટેલ, શ્રી રાજેશભાઈ પારડીકર, શ્રીમતી લીનાબેન ધોડી, શ્રીમતી નિર્મલાબેન હળપતિ તેમજ મગરવાડા પંચાયત સ્ટાફ હાજર હતા.

### દીવના જનરલ ખારવા સમાજ ઘોઘલા દ્વારા

## ગાયને ઘાસ-તલના લાડુ ખવડાવી મકર સંક્રાતિની કરાયેલી ઉજવણી



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**દીવ, તા.૧૫:** મકર સંક્રાતિના દિવસે દાનનો મહિમા અનેરો છે. ત્યારે પવિત્ર મકર સંક્રાંતિના રોજ ઘોઘલા જનરલ ખારવા સમાજ દ્વારા ઘોઘલા ગૌશાળા ખાતે ગાય, વાછરડા, બળદોને ઘાસ ખવડાવ્યું હતું. આ પ્રસંગે ઘોઘલા જનરલ ખારવા સમાજના પટેલ શ્રી જીતુભાઈ દિવેચા, માજી પટેલ શ્રી ભરતભાઈ લખમણ સહિતના આગેવાનોએ ઘોઘલા ગૌશાળામાં ઉપસ્થિત રહી ગાયોને ઘાસ અને તલના લાડુ ખવડાવી મકરસંક્રાતિ અને આગિયારસની આનંદ અને ઉલ્લાસથી ઉજવણી કરી હતી અને ધન્યતા અનુભવી હતી.

## દીવ જિલ્લાના દરેક બીચ ઉપર પતંગોત્સવની ઉજવણી કરાઈ: પર્યટકોએ ખાણી, પીણી અને પતંગ ચગાવાની મજા માણી



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) - ફૈઝાન ફારૂક સિદ્દી દ્વારા

**દીવ, તા.૧૫:** દીવ જિલ્લાના દરેક બીચ પર મકરસંક્રાંતિ નિમિત્તે ભવ્ય પતંગ મહોત્સવ યોજાયો, મોટી સંખ્યામાં સ્થાનિકો પર્યટકો વગેરેએ ખાણી પીણી અને પતંગ ચગાવવાની મજા માણી હતી.

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં ૧૪મી જન્યુઆરીના ઉત્તરાયણના દિવસે વિવિધ બીચો ઉપર મકરસંક્રાંતિ નિમિત્તે લોકોએ પતંગ ચગાવવાની મજા માણી હતી, દીવના ગોમતી માતા બીચ, ઘોઘલા બ્લુ ફ્લેગ બીચ, ઘૂઘમ બીચ વગેરે જગ્યાએ મોટી સંખ્યામાં લોકો ખાવાપીવાની ચીજ વસ્તુઓ સાથે લઈ બીચ પર પતંગ ચગાવવા પહોંચ્યા હતા. તેઓએ પતંગ ચગાવવાની સાથે સાથે ખાણી પીણીની પણ મજા માણી હતી. બીચ પર નાના, મોટા, મહિલા, પુરુષ વગેરે પરિવાર સાથે બીચ પર રંગબેરંગી અને વિવિધ આકારના પતંગો ચગાવ્યા હતા. દરમિયાન બીચ પર મેળા જેવો માહોલ જોવા મળ્યો હતો. લોકોએ દિવસે તલ, સિંગની ચીકી, મમરાના લાડુ, ખીચડો વગેરે ખાવાનો આનંદ પણ માણ્યો હતો.

## દાનહના કૌંચા જમાલપાડાનો જર્જરિત રસ્તો સ્થાનિકોએ જાતે રીપેરીંગ કર્યોઃ વહીવટી તંત્ર અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ નિંદ્રાધીન

**ગામલોકોએ ખખધજ અને જર્જરિત બનેલા રસ્તાના નવનિર્માણ માટે અનેક વખત મૌખિક અને લેખિત રજૂઆતો કરવા છતાં પરિણામ શૂન્ય**



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સેલવાસ, તા.૧૫**

દાદરા નગર હવેલીના અંતરિયાળ વિસ્તારોના આંતરિક રસ્તાઓ હાલના સમયે પણ અતિ જર્જરિત અને ખખડેલા જોવા મળે છે. ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સહિત પ્રશાસન દ્વારા પણ દુર્ગમ વિસ્તારોમાં યોગ્ય ધ્યાન નહીં આપવાના કારણે સ્થાનિકોને રોજીંદા નોકરી-ધંધાર્થે અવર-જવર કરવામાં ઘણી તકલીફોનો સામનો કરવા પડે છે.

એવા જ એક અંતિરિયાળ વિસ્તારમાં આવેલ કૌંચા ગ્રામ પંચાયતના જમાલપાડાનો આંતરિક રસ્તો ચોમાસાના ધોધમાર વરસાદ બાદ ખુબ જ દયનીય અને ખખડધજ બની ગયેલ છે. જેના કારણે નાના વાહનો લઈને જવું પણ મુશ્કેલ બની રહ્યું છે. આ મુશ્કેલીને દૂર કરવા તંત્ર અને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓના મદદની કાગડોળે રાહ જોયા બાદ પણ કોઈ નક્કર કામ નહીં થતાં પાડાના સ્થાનિક યુવાનો ભેગા મળી ગામની સમસ્યાને તેઓએ જાતે જ ઉકેલવાનું નક્કી કર્યું અને પછી જર્જરીત બનેલા અને તમામને અગવડરૂપ બનતા રસ્તાના રીપેરીંગનું કામ હાથ ધર્યું અને ગામના લોકોને રોજીંદા અવર-જવરમાં થોડીઘણી તકલીફો દૂર થાય એ માટેના સરાહતીય પ્રયાસો કર્યા.

સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે ''અમારા ગામની સમસ્યાઓ અંગે દાનહ જિલ્લા પંચાયતમાં અને પ્રશાસનિક અધિકારીઓને વારંવાર મૌખિક અને લેખિતમાં રજૂઆતો કરીએ છીએ, તે સમયે જાહેર બાંધકામ વિભાગના અધિકારીઓ અને ઈજનેરશ્રી આવીને રસ્તાઓનું નિરીક્ષણ તો કરે છે, પરંતુ તેઓ પરત ગયા બાદ કોઈપણ કામ કરવા માટે આવતા નથી. હાલમાં પ્રદેશમાં સાંસદ સહિત મોટાભાગના હોદ્દાઓ ઉપર ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. તેઓ વિકાસના નામે લોકોને વચનો આપે તો છે, પરંતુ અમારા ગામ(કૌંચા)ની પ્રાથમિક સુવિધાઓ બાબતે પણ કોઈ જ ધ્યાન આપવામાં આવતું નથી.''

### સ્વચ્છતા પખવાડા અંતર્ગત

## ડાભેલ ગ્રામ પંચાયત વિસ્તારમાં કરાયેલી સાફ-સફાઈ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૧૫**

આજે ગુરૂવાર તા.૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સ્વચ્છતા પખવાડા અંતર્ગત ડાભેલ ગ્રામ પંચાયત વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગામમાં સાફ-સફાઈ કરવા માટે ડાભેલ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી હેમાક્ષીબેન કનુભાઈ પટેલ, દમણ જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી તોરલબેન પટેલ, પંચાયતના સભ્યશ્રીઓ તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતા.






## સુવિચાર - સદ્વિચાર

કોઈપણ લક્ષ્ય માનવીના સાહસથી મોટુ નથી હોતુ

## કવિતા-ભજન-પદ-ગરબા

**શ્રદ્ધા**

નાનકડી હોડી જેવો
તારો નાજુક ને
નમણો દેહ
હંમેશાં તરવરતો રહે છે
મારી સામે.
હું
કૂવાથંભ બનીને
ખોડાઈ જાઉં તો
સઢ ચડે, અને પછી
ઈશ્વરી ઉદારતા જેવો પવન
મને
જ્યાં પણ લઈ જશે તે
કિનારો જ હશે!

-મંગળ રાઠોડ

## આજની જોક

કોલેજમાં મિત્રના વર્તુળમાં મિત્રએ કરેલો ટહુકો..
વધારે ચિંતા ના કરો
બધાના લગ્ન ગર્લફ્રેન્ડ સાથે જ થશે.
હવે કોની ગર્લફ્રેન્ડ સાથે કોના લગ્ન થાશે
એ મને નથી ખબર હો.

## કબીર વાણી

**કબીર! માયા મહિની, સી મિઠી ખાંડ,**
**સાગુરૂ કૃપા ભઈ, નહિ તે કરતી ભાંડ.**

**- અર્થાત-**

એ કબીર! એ માયાની મેહેની શાકર જેવી મિઠી લાગે છે અને તેથી કોઇને છોડવા ગમતી નથી, પણ મારી ઉપર શ્રી સદગુરુની મહેરબાની થઈ, ને તેઓએ જ્ઞાન આપી મને સમજાવ્યું તેથી હું બચે, નહિં તે એ માયા મને પણ પોતાની જાળમાં ફસાવી નાંખતે.

## આજનો દિન વિશેષ

### ગુરુ હર રાય



ગુરુ હર રાય ૧૬ જાન્યુઆરી ૧૬૩૦ - ૬ ઓક્ટોબર ૧૬૬૧)સાતમા નાનક તરીકે પૂજનીય, શીખ ધર્મના દસ ગુરુઓમાં સાતમા હતા.તેઓ ૩ માર્ચ ૧૬૪૪ના રોજ, તેમના દાદા અને છઠ્ઠા શીખ નેતા ગુરુ હરગોવિંદના મૃત્યુ પછી, ૧૪ વર્ષની ઉંમરે શીખ નેતા બન્યા. તેમણે ૩૧ વર્ષની ઉંમરે તેમના મૃત્યુ સુધી, લગભગ સત્તર વર્ષ સુધી શીખોનું માર્ગદર્શન કર્યું.

ગુરુ હર રાય છઠ્ઠા શીખ ગુરુએ એકત્રિત કરેલી શીખ સૈનિકોની મોટી સેનાને જાળવી રાખવા માટે જાણીતા છે, છતાં લશ્કરી સંઘર્ષ ટાળવા માટે. તેમણે રૂઢિચુસ્ત સુન્ની પ્રભાવિત ઔરંગઝેબને બદલે મધ્યમ સૂફી પ્રભાવિત દારા શિકોહને ટેકો આપ્યો કારણ કે બંને ભાઈઓ મુઘલ સામ્રાજ્યના સિંહાસન પર ઉત્તરાધિકાર માટે યુદ્ધમાં પ્રવેશ્યા હતા.

૧૬૫૮માં ઔરંગઝેબે ઉત્તરાધિકાર યુદ્ધ જીત્યા પછી, તેમણે ૧૬૬૦માં ગુરુ હર રાયને ફાંસી આપવામાં આવેલા દારા શિકોહને ટેકો આપવા માટે બોલાવ્યા. ગુરુ હર રાયે તેમના મોટા પુત્ર રામ રાયને તેમનું પ્રતિનિધિત્વ કરવા મોકલ્યા. ઔરંગઝેબે રામ રાયને બંધક બનાવ્યા, રામ રાયને તે સમયે શીખોના પવિત્ર ગ્રંથ-આદિ ગ્રંથમાં એક શ્લોક વિશે પૂછપરછ કરી. ઔરંગઝેબે દાવો કર્યો કે તે મુસ્લિમોનું અપમાન કરે છે.રામ રાયે શીખ ગ્રંથનું સમર્થન કરવાને બદલે ઔરંગઝેબને ખુશ કરવા માટે શ્લોક બદલ્યો, જેના માટે ગુરુ હર રાયને તેમના મોટા પુત્રને બહિષ્કૃત કરવા અને તેમના નાના પુત્ર હર કૃષ્ણને તેમના ઉત્તરાધિકારી તરીકે નિયુક્ત કરવા બદલ યાદ કરવામાં આવે છે.૧૬૬૧માં ગુરુ હર રાયના મૃત્યુ પછી પાંચ વર્ષની ઉંમરે હર કૃષ્ણ આઠમા ગુરુ બન્યા.

નામો : કેટલાક શીખ સાહિત્યમાં તેમનું નામ હરિ રાય તરીકે લખાયું છે.કેટલાક આધુનિક શીખો તેમને કુદરતી વિશ્વ પ્રત્યેની સંવેદનશીલતાને કારણે લીલા ગુરુ તરીકે ઓળખે છે.

**જીવનચરિત્ર :** ગુરુ હર રાયનો જન્મ અનંતી (જેને નિહાલ તરીકે પણ ઓળખવામાં આવે છે) અને બાબા ગુરદિત્તાને ત્યાં સોઢી ખત્રી પરિવારમાં થયો હતો. તેમના પિતાનું અવસાન થયું ત્યારે તેઓ ૮ વર્ષના હતા. ૧૬૪૦માં ૧૦ વર્ષની ઉંમરે, ગુરુ હર રાયના લગ્ન દયા રામની પુત્રી માતા કિશન દેવી (જેને ક્યારેક સુલક્ષણી તરીકે પણ ઓળખવામાં આવે છે) સાથે થયા. તેમને એક પુત્રી રૂપ કૌર અને બે પુત્રો, રામ રાય અને હર કૃષ્ણ (જેમાંથી બાદમાં આઠમા ગુરુ બન્યા) હતા. ગુરુ હર રાયના ભાઈઓ હતા. તેમના મોટા ભાઈ ધીર મલે શાહજહાં પાસેથી મફત જમીન અનુદાન અને મુઘલ પ્રાયોજકતા સાથે પ્રોત્સાહન અને ટેકો મેળવ્યો હતો. ધીર મલે સમાંતર શીખ પરંપરા બનાવવાનો પ્રયાસ કર્યો અને તેમના દાદા અને છઠ્ઠા ગુરુ, હરગોવિંદની ટીકા કરી. છઠ્ઠા ગુરુ ધીર મલે સાથે અસંમત હતા, અને નાના હર રાયને ઉત્તરાધિકારી તરીકે નિયુક્ત કર્યા.

## આજનો પ્રવાસ

**નવસારી, દાંડી**



તાલુકા મથકથી ૧૯ કિ.મીટરના અંતરે સમુદ્ર તટે વસેલું આ ગામ મહાત્મા ગાંધીજીના મીઠાના ઐતિહાસીક સતાગ્રહ માટે જાણીતું છે. આ ઐતિહાસિક દાંડી ખાતે સાગર નજીક ગાંધી સ્મારક કિર્તી સ્તંભ અહીં સ્થાપવામા આવેલ છે. સ્મારકની સામે 'સૈફવિલા' છે જયાં રાત્રી દરમિયાન ગાંધીજીએ નિવાસ કર્યો હતા. હાલ તેમાં ગાંધી સંગ્રહાલા અને પુસ્તકાલય છે. ગાંધી સંગ્રહાલાની પાછળ દાઉદી વૉરાની પ્રખ્યાત દરગાહ માઈ સાહેબા મઝાર ( હિઝબે યુસુફી) છે. જયાં માનતા માટે સર્વ કૉમનાં લૉકૉ બહારથી પણ આવે છે.

**કેવી રીતે પહોંચવું.**

**ટ્રેન દ્વારા:** દાંડી,નવસારી રેલવે સ્ટેશનથી ૨૦ કિમી દૂર છે. **માર્ગ દ્વારા:** દાંડી નવસારી જીલ્લાના જલાલપુર તાલુકામાં આવેલું છે. નવસારીથી ત્યાં પહોંચવા માટે રાજ્ય પરિવહન બસો ઉપલબ્ધ છે.

---

સ્થાનિક ચૂંટણીઓને લઈને મોટા અપડેટ આવ્યા

# સ્થાનિક ચૂંટણીઓમાટે અનામત બેઠકોની ફાળવણી

## ગુજરાતમાં ચૂંટણીઓની તૈયારીઓને લઈને વેગ મળશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**ગાંધીનગર, તા.૧૫**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના બ્યૂગલ ફૂંકાઈ ચૂક્યા છે. ત્યારે સ્થાનિક ચૂંટણીઓને લઈને મોટા અપડેટ આવ્યા છે. ચૂંટણી માટે અનામત બેઠકોની ફાળવણી કરવામાં આવી છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તૈયારીઓ અત્યારથી જ તમામ પક્ષોએ શરૂ કરી દીધી છે. ત્યારે ૭ તાલુકા પંચાયત, ૨ જિલ્લા પંચાયત તથા એક નગરપાલિકાની બેઠકની ફાળવણી થઈ ગઈ છે. વિવિધ જિલ્લાઓમાં વિવિધ વર્ગ અને મહિલાઓને પ્રતિનિધિત્વ મળે તે હેતુથી અનામત બેઠકોની ફાળવણી કરવામાં આવતી હોય છે. તે મુજબ, કયા જિલ્લામાં કયા કયા અનામત બેઠકોની ફાળવણી કરાઈ છે, તે જોઈએ.


ગાંધીનગર જિલ્લાના માણસા અને દહેગામ તાલુકા પંચાયતની અનામત બેઠકોની ફાળવણી કરાઈ છે. જેમાં માણસા તાલુકાની ૨૬ બેઠકોમાંથી ૧૭ બેઠકો સામાન્ય છે. જયારે ઓબીસીની ૭ બેઠકો છે. તેમજ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની ૧-૧ બેઠકો અનામત છે. દહેગામની ૨૮ બેઠકોમાંથી ૧૮ બેઠકો સામાન્ય છે. ઓબીસીની ૮ બેઠક છે, જ્યારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની ૧-૧ બેઠક અનામત છે.

ફળવાયેલી બેઠકોમાં ૫૦ ટકા બેઠકો સ્ત્રી અનામત છે. મોડાસા નગરપાલિકા, હાલોલ, જંબુઘોડા, હિંમતનગર, પ્રાંતિજ, ઈડર તાલુકા પંચાયતની બેઠકોની ફાળવણી કરાઈ છે. તેમજ સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લા પંચાયતની બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. આ જાહેરાત બાદ હવે રાજકીય પક્ષો બેઠકો મુજબ ઉમેદવારની પસંદગી કરવા પર ભાર મૂકી શકે છે. પક્ષ હવે અનામત મુજબ રણનીતિ ઘડી શકે છે.

---

ગાયોને લાડુ, સુખડી, લીલો ચારો ખવડાવામાં આવ્યો

# વડતાલ ધામમાં મકરસંક્રાંતિ પર ૩૧૦ ગાયોનું વિશેષ પૂજન



## ઉત્તરાયણના દિવસે વિશેષ રૂપમાં લક્ષ્મીનારાયણદેવનો શણગાર કરાયો, હરિભક્તોએ આરતી અને પ્રસાદનો લાભ લીધો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**વડતાલ, તા.૧૫**

સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થસ્થાન વડતાલધામમાં મકરસંક્રાતિના શુભ પર્વે મંદિરની નુતન ગૌશાળામાં સંતો તથા હરિભક્તો દ્વારા ૩૧૦ ગાયોની પૂજા કરવામાં આવી, મંદિરની ગાયોને ઘઉંની ઘૂઘરીનો લાડુ,સુખડી,લીલો ચારો ખવડાવવામાં આવ્યો, સાથે-સાથે પવિત્ર ધનુર્માસમાં પ્રભાતફેરી તથા ધુનની પૂર્ણાહુતિ થઈ હતી.

વડતાલ મંદિરના ચેરમેન ડૉ. સંતવલ્લભદાસજી સ્વામીએ કહ્યું કે, 'ગોમતી તીરે આવેલી નૂતન ગૌશાળામાં ૩૧૦ ગાયોનું સંતો તથા હરિભક્તો ધ્વારા પૂજન કરવામાં આવ્યું હતું. ગૌશાળાનું ૫ વર્ષથી જતન કરતા પવિત્ર સ્વામીનું ચેરમેનના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

ઉત્તરાયણના દિવસે વિશેષ રૂપમાં લક્ષ્મીનારાયણદેવનો શણગાર કરવામાં આવ્યો હતો, સવારે હજારો હરિભક્તોએ આરતી અને પ્રસાદનો લાભ લીધો હતો. ૧ હજાર કિલો બોરનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો, સંક્રાતિકાળ હોવાથી તલના લાડુ,શેરડી,લીલાચણા (પોપટી) પણ ધરાવવામાં આવ્યા હતા.

સ્વામિનારાયણસંપ્રદાયના મંદિરોમાં ઝોળી પર્વનું અનેરૂ મહત્વ છે. સંતો તથા હરિભક્તો દ્વારા ઘરે-ઘરે જઈ ઝોળી પર્વ ઉઘરવવામાં આવે છે. ભક્તો તલ-ચોખા-ઘઉ તથા રોકડ રકમ અને વસ્ત્રોનું દાન કરે છે

---

ખેડૂતોની દશા બેઠી!

# ટેકાના ભાવે મગફળી વેચાણના ૭ દિવસે પૈસા મળવાનો હતો વાયદો, હજુ નથી મળ્યા

## રાજ્યના કૃષિમંત્રીએ અગાઉ જાહેરાત કરી હતી કે ટેકાના ભાવે જે મગફળીની ખરીદી થશે તેના પૈસા સાતમાં દિવસે મળી જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા.૧૫



ગુજરાતના ખેડૂતોની તો જાણે દશા બેઠી છે. એક તો કમોસમી વરસાદે હાજા ગગડાવ્યા અને હવે જે પાક ટેકાના ભાવે વેચ્યો એના પણ પૈસા મળતા નથી. આ તે કેવું? ગુજરાતના એક લાખ જેટલા ખેડૂતોને ટેકાના ભાવે જે મગફળી વેચી હતી એના પૈસા મળ્યા નથી.

ચોંકાવનારી વાત એ છે કે આ પૈસા ૭ દિવસમાં જ મળી જવાના હતા પરંતુ હજુ દોઢ મહિનો વિત્યો છતાં પૈસા હાથમાં આવ્યા નથી. અત્રે જણાવવાનું કે રાજયના કૃષિમંત્રી જિતુ વાઘાણીએ અગાઉ જાહેરાત કરી હતી કે ટેકાના ભાવે જે મગફળીની ખરીદી થશે તેના પૈસા ખેડૂતોને સાતમાં દિવસે મળી જશે. એટલે કે તેમના ખાતામાં પૈસા જમા થઈ જશે. પરંતુ હજુ આ ખેડૂતોના ખાતામાં પૈસા આવ્યા નથી. ખેડૂતો રાહ જોઈને બેઠા છે. અકળાયેલા ખેડૂતોએ કૃષિમંત્રીને પત્ર લખ્યો છે અને ચીમકી પણ ઉચ્ચારી છે કે જો સાત દિવસમાં ખેડૂતોને પૈસા નહીં મળે તો લડત લડશે. એવો આક્ષેપ થઈ રહ્યો છે કે ટેકાના ભાવે ખરીદી મુદ્દે ખેડૂતો સાથે સરકાર રમત રમી ગઈ છે. અગાઉ ટેકાના ભાવે ખેડૂત દીઠ ૨૦૦ મણ મગફળીની ખરીદી થતી હતી જે હવે ૧૨૫ મણ કરવામાં આવી છે. ટેકાના ભાવે થનાર મગફળીની ખરીદીના પૈસા ખેડૂતોને સાતમા દિવસે ખાતામાં પહોંચી જશે એવું વચન અપાયું હતું પરંતુ દોઢ મહિનો વીતી ગયો છતાં ગુજરાતના એક લાખ જેટલા ખેડૂતોને હજુ સુધી પૈસા મળ્યા નથી. ખેડૂતો પૈસા માટે ટેકાના કેન્દ્રોના પગથિયા પણ ઘસી ઘસીને થાકી ગયા. જવાબ મળે છે કે ઉપરથી જ્યારે પૈસા જમા થશે એટલે તમારા ખાતામાં આવશે. બીજી બાજુ કિસાન કોંગ્રેસનો દાવો છે કે તપાસમાં જાણવા મળ્યું છે કે નાફેડનું પોર્ટલ કામ કરતું નથી એટલે વિલંબ થાય છે.

સરકારની જવાબદારી છે કે સાત દિવસમાં પૈસા ખેડૂતોના ખાતામાં જમા થાય. પોર્ટલ કામ કરે કે ન કરે ખેડૂતોને તેની સાથે કોઈ લેવાદેવા નથી.

---

પિતા-પુત્રી બાદ માતાએ પણ તોડ્યો દમ

# સુરતમાં પતંગની દોરીએ વિખેર્યો પરિવારનો માળો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**સુરત, તા.૧૫**

ઉત્તરાયણના દિવસે સુરતમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. પતંગની દોરીએ એક પરિવારનો માળો વિખેરી નાખ્યો છે. એક પરિવારના ૩ સભ્યો એક બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પતંગની દોરી અચાનક વચ્ચે આવી જતાં આ ઘટના બની હતી. ઉત્તરાયણના દિવસે બનેલા આ અકસ્માતે શહેરવાસીઓને હચમચાવી નાખ્યા છે. મળતી માહિતી મુજબ, ઉત્તરાયણના દિવસે એક પિતા પોતાની નાની પુત્રી અને પત્ની સાથે બાઇક પર જઈ રહ્યા હતા. તે દરમિયાન ચંદ્રશેખર આઝાદ બ્રિજ પર અચાનક પતંગની દોરી આવી જતાં બાઈક સવારે સ્ટેયરિંગ પરનો કાબુ ગુમાવ્યો હતો અને તેઓ ૭૦ ફુટ ઊંચા બ્રિજ પરથી નીચે પટકાયા હતા. આ ભયાનક ઘટનામાં ૩૫ વર્ષીય રેહાન અને તેની ૭ વર્ષની પુત્રીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે રેહાનની પત્નીને ગંભીર ઈજાઓ થતાં હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.અકસ્માત દરમિયાન બાઈક બ્રિજ નીચે પાર્ક કરેલી એક રીક્ષા પર પડતા રિક્ષાનો કચ્ચરઘાણ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા અને પોલીસ તથા ૧૦૮ને જાણ કરી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત માતાને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું પણ મોત થયું હોવાનું જાણવા મળ્યું છે.ઉત્તરાયણની ખુશીઓ વચ્ચે આવી દુઃખદ ઘટના સર્જાતા વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. આ ઘટનાએ ફરી એકવાર ઘાતક પતંગની દોરીના ખતરાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

---

તેમના પત્ની પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા

# અમદાવાદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પતંગ ચગાવી કરી ઉજવણી

## ગૃહમંત્રી અમિત શાહે નારણપુરા વિધાનસભા વિસ્તારમાં કાર્યકર્તાઓ સાથે પતંગ ચગાવી ઉત્તરાયણની ઉજવણી કરી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**અમદાવાદ, તા.૧૫**





ગુજરાતમાં ઉત્તરાયણનો માહોલ બરાબર જામ્યો હતો. રંગબેરંગી પતંગોથી આકાશ રંગાયું છે. ત્યારે ગુજરાતના પ્રવાસે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં પતંગ ચગાવી ઉત્તરાયણના પર્વની ઉજવણી કરી હતી. ગૃહમંત્રી અમિત શાહે નારણપુરા વિધાનસભા વિસ્તારમાં કાર્યકર્તાઓ સાથે ઉત્તરાયણની ઉજવણી કરવા પહોંચ્યા હતા. જ્યાં સ્થાનિક નાગરિકો અને કાર્યકરોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

ગૃહમંત્રીએ નારણપુરા વિધાનસભા વિસ્તારમાં કાર્યકર્તાઓ સાથે પતંગની મજા માણી હતી. અમિત શાહ સાથે તેમના પત્ની સોનલબેન શાહ સહિતના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.આ પહેલા અમિત શાહે પરિવાર સાથે જગન્નાથ મંદિરે દર્શન કરી ગૌપૂજા કરી હતી. જેના પગલે મંદિર પરિસરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.દર વર્ષે અમિત શાહ મકરસંક્રાંતિએ પરિવાર સાથે ઉત્તરાયણની ઉજવણી કરવા માટે ગુજરાત આવે છે. તો દર વર્ષે આ દિવસે જગન્નાથ મંદિરે દર્શન કરવા પણ જતા હોય છે. આ વખતે પણ તેઓએ પરિવાર સાથે મંદિરે દર્શન કર્યા બાદ પતંગ ચગાવી ઉત્તરાયણની ઉજવણી કરી હતી.

---

વ્યારા ટાઈલ્સ લિમિટેડના આઈપીઓથી

# અમદાવાદ પ્લાન્ટના વિસ્તરણ તથા લાંબા ગાળાની વૃદ્ધિની વ્યૂહરચનાને ટેકો મળશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સુરત, તા.૧૫**

પેવિંગ બ્લોક્સ, ફ્લેગસ્ટોન્સ અને લેન્ડસ્કેપિંગ ટાઇલ્સ જેવી પ્રીકાસ્ટ કોંક્રિટ પ્રોડક્ટ્સના ઉત્પાદન સાથે સંકળાયેલી વ્યારા ટાઇલ્સ લિમિટેડ ("The Company") તેના સૂચિત આઈપીઓથી મળનારી રકમનો તેના ગાંગડ, અમદાવાદ યુનિટના વિસ્તરણ થકી તેની ઉત્પાદન હાજરીને મજબૂત બનાવવા માટે કરવાની યોજના ધરાવે છે. આ વિસ્તરણ તેના પ્રોડક્ટ પોર્ટફોલિયોને વિસ્તારવા, ઓપરેશનલ ક્ષમતા વધારવા અને ટકાઉ વૃદ્ધિને ટેકો આપવા માટે કંપનીની લાંબા ગાળાની વ્યૂહરચનાનો મહત્વનો ભાગ છે.

કંપની પાસે ૬ ઉત્પાદન એકમો છે, જે પલસાણા (સુરત), વ્યારા (તાપી), કમલછોડ (તાપી), ગાંગડ (અમદાવાદ) ખાતે અને બે એકમો સાણંદ (અમદાવાદ) ખાતે આવેલા છે, જેમાં ૮૦,૦૦૦ ચોરસ મીટર જમીનનો કુલ માળખાકીય વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે. આ એકમો આંતરરાષ્ટ્રીય ગુણવત્તાના ધોરણાનું પાલન કરતી વખતે ઉચ્ચ ઉત્પાદન ક્ષમતા સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. કંપની માને છે કે ગાંગડ, અમદાવાદ એકમના વિસ્તરણથી તેને રેસિડન્શિયલ, કોમર્શિયલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કામગીરીમાં માંગને પૂરી કરવા સાથે સુનિયોજિત રીતે ઉત્પાદન વધારવામાં મદદ મળશે.

કંપની એકધારી ગુણવત્તા ધોરણો ધરાવતા ટકાઉ, હાઈ-લોડ-બેરિંગ પેવર્સનું ઉત્પાદન અને વિતરણ કરે છે, જે મુખ્યત્વે શહેરી ડિઝાઈન અને લેન્ડસ્કેપિંગ કામો માટે ઉપયોગી છે. કંપની મ્યુનિસિપલ અને રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ સહિત વિવિધ ક્ષેત્રોમાં સેવાઓ પૂરી પાડે છે. તેમના અગાઉના કેટલાક અગ્રણી પ્રોજેક્ટ્સમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમનો સમાવેશ થાય છે.

કંપની આ આઈપીઓને ટૂંકા ગાળાની મૂડી એકત્ર કરવાની કવાયત કરતાં તેની વૃદ્ધિ યાત્રામાં એક વ્યૂહાત્મક સીમાચિહ્નરૂપ માને છે. અમદાવાદના ગાંગડ યુનિટના વિસ્તરણ માટે ભંડોળનો ઉપયોગ ક્ષમતા નિર્માણ અને સુવ્યવસ્થિત મૂડી ફાળવણી દ્વારા લાંબા ગાળાના મૂલ્ય નિર્માણ પર મેનેજમેન્ટના ધ્યાનને દર્શાવે છે.

---

દોરીથી ગળું કપાતાં યુવાનનું મોત

# DPમાંથી પતંગ કાઢતા સમયે કરંટ લાગતાં કિશોરનું મોત

## ઉતરાયણના પર્વ દરમિયાન બે અલગ-અલગ કરુણ ઘટનાઓમાં બેના અકાળે મોત નિપજતા અરેરાટી વ્યાપી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**સુરત, તા.૧૫**





ઉતરાયણના પર્વ દરમિયાન બે અલગ-અલગ કરુણ ઘટનાઓમાં બેના અકાળે મોત નિપજતા અરેરાટી વ્યાપી ગઈ છે. પતંગની મજા માતમમાં ફેરવાઈ હોય તેવા કિસ્સાઓ અડાજણ અને વેસુ વિસ્તારમાં સામે આવ્યા છે.

અડાજણ વિસ્તારમાં એક કિશોર માટે પતંગ પકડવાની લાલચ જીવલેણ સાબિત થઈ હતી. આ કિશોર વીજળીના ડી.પી.માં ફસાયેલી પતંગ કાઢવા માટે ત્યાં પહોંચ્યો હતો, જ્યાં તેને વીજ લાઈનનો જોરદાર કરંટ લાગ્યો હતો. કરંટ એટલો પ્રચંડ હતો કે કિશોર દૂર ફંગોળાયો હતો અને કમનસીબે જમીન પર પડેલા લોખંડના સળિયા સાથે અથડાયો હતો. સળિયો વાગવાથી અને કરંટની અસરથી તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. સ્થાનિક લોકોએ તાત્કાલિક એકત્ર થઈ તેને નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો, પરંતુ ત્યાં હાજર તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. અડાજણ પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બીજી ઘટના વેસુ વિસ્તારમાં બની હતી, જ્યાં પતંગની ઘાતક દોરીએ એક યુવાનનો ભોગ લીધો હતો. આ યુવાન પોતાની બાઈક પર ઘરે જઈ રહ્યો હતો ત્યારે અચાનક પતંગની દોરી તેના ગળાના ભાગે આવી ગઈ હતી. દોરીના ઘસરકાને કારણે ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તે રસ્તા પર જ ઢળી પડ્યો હતો. લોહીલુહાણ હાલતમાં તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, પરંતુ ટૂંકી સારવાર બાદ તેનું મોત નિપજ્યું હતું. ઉતરાયણની ખુશીઓ વચ્ચે આ યુવાનના મોતથી તેના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા પૂર્વ માનસિક સહાય અને શૈક્ષણિક માર્ગદર્શન માટે 'આત્મવિશ્વાસ હેલ્પલાઇન'ની શરૂઆત



## હેલ્પલાઈનનું વલસાડ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના હસ્તે કરાયું: આ હેલ્પલાઈન ૧૮મી માર્ચ ૨૦૨૬ સુધી કાર્યરત રહેશે

## પરીક્ષા માત્ર જ્ઞાનની નહીં પરંતુ માનસિક સ્થિરતા અને આત્મવિશ્વાસની પણ કસોટી છે: જિલ્લા શિક્ષણાધિકારી ડો.રાજેશ્રી ટંડેલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૫**

કલેક્ટર કચેરી, વલસાડ તથા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વલસાડના સંયુક્ત ઉપક્રમે વલસાડ જિલ્લામાં આવેલી તમામ સરકારી, અનુદાનિત તથા ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા પૂર્વ માનસિક સહાય અને વિષયવાર શૈક્ષણિક માર્ગદર્શન પૂરૂં પાડવાના ઉદ્દેશ્ય સાથે 'આત્મવિશ્વાસ હેલ્પલાઇન'ની શરૂઆત કરવામાં આવી છે.

આ હેલ્પલાઇનનું ઉદ્‌ઘાટન તા.૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ વલસાડ જિલ્લા કલેકટરશ્રી ભવ્ય વર્માના હસ્તે કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પરીક્ષા સમયગાળા દરમિયાન સતત સહાય મળી રહે તે હેતુસર આ હેલ્પલાઇન ૧૮/૦૩/૨૦૨૬ સુધી કાર્યરત રહેશે.

આગામી ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાનારી ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ની બોર્ડની જાહેર પરીક્ષાને ધ્યાને રાખી વિદ્યાર્થીઓમાં જોવા મળતા પરીક્ષા સંબંધિત તણાવ, ભય, ચિંતા, આત્મવિશ્વાસમાં ઘટાડો તથા હતાશા જેવી માનસિક પરિસ્થિતિઓ દૂર કરવી તેમજ વિદ્યાર્થીઓ તણાવમુક્ત અને હકારાત્મક મનોભાવ સાથે પરીક્ષામાં ભાગ લઈ ઉજ્જવળ સફળતા પ્રાપ્ત કરે તે મુખ્ય હેતુથી આ માનવસેવાની પહેલ હાથ ધરવામાં આવી છે.

'આત્મવિશ્વાસ હેલ્પલાઇન' અંતર્ગત વલસાડ સિવિલ હોસ્પિટલના અનુભવી માનસિક તજજ્ઞ ડૉ. વિરેન્દ્ર સોલંકી દ્વારા વિદ્યાર્થીઓને માનસિક સલાહ, માર્ગદર્શન અને કાઉન્સેલિંગ આપવામાં આવશે. સાથે સાથે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહ)ના કુલ ૫૬ વિષયોના અનુભવી વિષય નિષ્ણાત શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને વિષયવાર અભ્યાસ યોજના, સંકલ્પના સ્પષ્ટતા, પ્રશ્નોત્તરી તથા પરીક્ષા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે.

આ હેલ્પલાઇનની કામગીરી વધુ અસરકારક બને તે હેતુસર, સ્વેચ્છાએ જોડાયેલા તમામ વિષય નિષ્ણાત શિક્ષકોને તા.૦૭/૦૧/૨૦૨૬ના રોજ વલસાડ સ્થિત આર.જે.જે. હાઈસ્કૂલ ખાતે માનસિક તજજ્ઞ ડૉ. વિરેન્દ્ર સોલંકી દ્વારા પરીક્ષા પૂર્વ માનસિક સહાય, વિદ્યાર્થીઓ સાથે સંવાદની પદ્ધતિઓ તથા તણાવ વ્યવસ્થાપન અંગે એક દિવસીય વિશેષ તાલીમ પણ આપવામાં આવી હતી.

આ બાબતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડૉ.રાજેશ્રી એલ.ટંડેલએ જણાવ્યું હતું કે, પરીક્ષા માત્ર જ્ઞાનની નહીં પરંતુ માનસિક સ્થિરતા અને આત્મવિશ્વાસની પણ કસોટી છે. વિદ્યાર્થીઓ પર અનાવશ્યક દબાણ ન આવે અને તેઓ નિર્ભય અને આત્મવિશ્વાસપૂર્વક પરીક્ષા આપી શકે તે હેતુથી 'આત્મવિશ્વાસ હેલ્પલાઇન' શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ તથા વાલીઓએ કોઈપણ પ્રકારની શૈક્ષણિક કે માનસિક મૂંઝવણ માટે આ હેલ્પલાઈનનો નિઃસંકોચ સદુપયોગ કરવો જોઈએ.

આ હેલ્પલાઇન સાથે જોડાયેલા તમામ વિષય નિષ્ણાત શિક્ષકોની યાદી તેમના સંપર્ક નંબર સાથે તમામ શાળાઓને મોકલવામાં આવી છે તેમજ વિદ્યાર્થીઓ અને વાલીઓ સુધી માહિતી પહોંચે તે હેતુસર શાળાના નોટિસ બોર્ડ પર પણ પ્રદર્શિત કરવામાં આવશે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડૉ.રાજેશ્રી એલ.ટંડેલ દ્વારા વલસાડ જિલ્લાના તમામ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને હૃદયપૂર્વક અપીલ કરવામાં આવે છે કે પરીક્ષા દરમિયાન શૈક્ષણિક કે માનસિક તણાવ, ભય અથવા સંશયની સ્થિતિમાં 'આત્મવિશ્વાસ હેલ્પલાઇન'નો પૂરતો સદુપયોગ કરી યોગ્ય માર્ગદર્શન મેળવે, જેથી વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો થાય અને તેઓ સફળતાની દિશામાં આગળ વધી શકે.

# કપરાડા તાલુકાના સિલ્ધા ગામે યુવાઓ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૫**

કપરાડા તાલુકાના સિલ્ધા ગામે પટેલ ફળિયામાં મકરસંક્રાંતિ પર્વના શુભ અવસરે યુવાઓ દ્વારા ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટનો મુખ્ય હેતુ ગામના યુવાઓમાં રમતગમત પ્રત્યે રસ વધારવાનો તેમજ એક્તા અને ભાઈચારાની ભાવનાને મજબૂત બનાવવાનો હતો.





કાર્યક્રમમાં ગામના આગેવાન શ્રી નરેન્દ્ર જોગરા, તાલુકા પંચાયત સભ્ય શ્રી ઈશ્વર તુમડા, પત્રકાર શ્રી જગદીશ બોંગે, શ્રી નગીન તુમડા, શ્રી રસિકભાઈ પાડવી તેમજ ગામના ક્રિકેટપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનો દ્વારા ખેલાડીઓને ઉત્સાહિત કરી રમતગમતના મહત્વ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓએ શિસ્તબદ્ધ રીતે ઉત્કૃષ્ટ રમત પ્રદર્શન કરી દર્શકાનું મન મોહી લીધુ હતું. આખો દિવસ રમતો અને ઉત્સાહભર્યા માહોલ વચ્ચે કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો. અંતે આયોજક યુવાઓની સરાહના કરવામાં આવી અને ગામના વિકાસમાં આવા કાર્યક્રમો ઉપયોગી હોવાનું જણાવ્યું હતું.

# વલસાડ જિલ્લાના મદદનીશ નોંધણી સર નિરીક્ષક દિવ્યેશ પટેલ પી.એચડી થયા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૫**



વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના કોપરલી ગામમાં રહેતા અને ગુજરાત સરકારના રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં મદદનીશ નોંધણી સર નિરીક્ષકની કચેરીમાં વલસાડ જિલ્લામાં મદદનીશ નોંધણી સર નિરીક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી દિવ્યેશકુમાર એમ.પટેલે પોરબંદરની શ્રી કે.એચ.માધવાણી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના એસોસિએટ પ્રોફેસર અને અધ્યક્ષશ્રી ડો.મુકેશ રાણા ગરેજાના માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્ર વિષયમાં ''આદિવાસીઓના આર્થિક વિકાસમાં ગાંધીવાદી બિનસરકારી સંગઠનોની ભૂમિકા-(વલસાડ જિલ્લાનો એક અભ્યાસ)'' ROLE OF GANDHIAN NON GOVERNMENT ORGANIZATIONS IN ECONOMIC DEVELOPMENT OF ÒADIVASISÓ : A CASE STUDY OF VALSAD DISTRICT અંગે થીસીસ તૈયાર કરી હતી. જેને જૂનાગઢની ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીએ માન્ય રાખી પી.એચડી (ડોકટર ઓફ ફિલોસોફી)ની પદવી એનાયત કરી છે. જેને પગલે વલસાડ જિલ્લાના મહેસૂલ વિભાગના અધિકારીશ્રી દિવ્યેશકુમાર એમ. પટેલને યુનિ.ના સ્ટાફ, પરિવારજનો અને સાથી અધિકારી તેમજ કર્મચારીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# વલસાડમાં વર્ષ ૨૦૨૫ દરમિયાન ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ૨૭૪૩ પીડીત મહિલાઓની મદદે

CALL 181 મહિલા હેલ્પલાઈન
સલાહ • બચાવ-મદદ • સૂચન-માર્ગદર્શન



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૫**

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ અને ઈ. એમ.આર.આઈ ગ્રીન હેલ્થ સર્વિસીસ દ્વારા કાર્યાન્વિત ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ગુજરાતની પીડીત મહિલાઓ માટે આશીર્વાદરૂપ બની રહી છે. મહિલાઓની શારિરીક, માનસિક, જાતીય સતામણી કે ઘરેલું હિંસા સહિતની હેરાનગતીમાં અસરકારક કાઉન્સેલિંગ, સરકારશ્રીની એજન્સીઓ સાથે સંકલન કરી મદદ, માર્ગદર્શન અને બચાવ કાર્ય કર્યા છે. લગ્નજીવનના વિખવાદો, પાડોશી સાથેના અણબનાવ, બિનજરૂરી કોલ-મેસેજથી હેરાનગતી, છેડતી વગેરે કિસ્સાઓમાં મદદરૂપ બની દિન પ્રતિદિન મહિલાઓમાં વધુ વિશ્વાસ અને પ્રતિભાવ મેળવવામાં આવી રહ્યા છે. જેથી આજે ગુજરાતની મહિલાઓ, યુવતીઓ અને વિદ્યાર્થીનીઓ માટે અભયમ એક સાચી સહેલી તરીકે બની રહી છે.

જાન્યુઆરી ૨૦૨૫થી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનમાં મદદ માટે રાજ્યભરમાંથી કુલ ૧૮૩૫૨૦ કોલ આવ્યા હતા. ૩૭૭૮૦ જેટલા અતિ સંવેદનશીલ કિસ્સાઓમાં અભયમ ટીમ ઘટનાસ્થળે પહોચી મદદ, માર્ગદર્શન અને બચાવકાર્ય કર્યા હતા. જયારે અન્ય કિસ્સાઓમાં અસરકારક કાઉન્સેલિંગ, સરકારી એજન્સીઓ સાથે સંકલન કરી આશ્રય, જરૂરી સહયોગ અને સમાધાન કરાવ્યું છે. વલસાડ જીલ્લામાં વર્ષ ૨૦૨૫ દરમિયાન ૨૭૪૩ જેટલા જરૂરિયાતમંદ મહિલાઓના કોલ આવ્યા હતા, જેમાંથી ૫૫૩ કિસ્સાઓમાં અભયમ રેસક્યુ વાન ડિસ્પેચ કરવામાં આવી હતી. આ કેસોમાં સમાધાન ૩૯૩ અને ૧૩૭ કેસમાં મહિલાઓને બચાવ અર્થે વિવિધ એજન્સીઓમાં રિફર કરવામાં આવ્યા હતા. કુલ કોલમાં કસ્ટડીના ૬૨, ઘરેલું હિંસાના ૧૨૯૧, લગ્ન જીવનના વિખવાદો ૧૮૯, જનરલ માહિતી અને સરકારી મહિલાલક્ષી યોજનાઓની પ્રાથમિક માહિતીના ૧૫૭, શારીરિક, માનસીક, જાતીય હેરાનગતીના ૩૬૪, પરિવાર છોડેલ ૫૨, અન્ય સબંધોના ૭૩, કાયદાકીય માર્ગદર્શન ૩૬, બીનજરૂરી કોલ મેસેજથી હેરાનગતિનાં ૪૯ અને અન્ય મહિલાલક્ષી પ્રશ્નોના ૪૫૦ જેટલા કોલ આવ્યાં હતાં.

વર્ષ દરમિયાન જીલ્લા વહીવટી તંત્ર, પોલીસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, નારી સંરક્ષણ ગૃહ, ઓ.એસ.સી, પી.બી.એસ.સી, આશ્રય ગૃહ અને સ્થાનિક સંસ્થાઓ અને કાર્યકરો તરફથી નોંધપાત્ર સહયોગ મળી રહ્યો હતો. આમ અભયમ ટીમ દ્વારા લગ્નજીવન અને લગ્ન બહારના સબંધો, ઘરેલું હિંસા, શારીરિક માનસિક અને જાતિય સતામણી અને બીનજરૂરી કોલ મેસેજથી હેરાન થતા મહિલાઓ, યુવતીઓ અને વિદ્યાર્થીનીઓના જીવનમાં આવેલ આપતીમાં મદદ, માર્ગદર્શન અને બચાવ દ્વારા મહિલા સલામતી, શાંતિ અને પારીવારીક, સામાજિક એક્તા અને સુલેહ માટે પ્રશંસનીય કાર્ય કરવામાં આવ્યું હતું.

# વાપીના છીરીથી ૨૧ વર્ષીય યુવક ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેગવર્ક)**
**વલસાડ, તા.૧૫**



વલસાડ જિલ્લાના વાપી તાલુકાના છીરી રણછોડનગર, અવધ બિલ્ડિંગ, મિશ્રા ભવન, રૂમ નં.૧૦૮ ખાતે રહેતા ૨૧ વર્ષીય સૌરભકુમાર કુંજબિહારી સિંગ (મૂળ રહે.-અસમાનીચક, થાના-રજોન, પોસ્ટ-બામદેવ, જિ-બાંકા, બિહાર) તા.૦૧/૦૧/૨૦૨૬ના રોજ સવારે ૬:૦૦ વાગ્યા પછી પોતાના ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા. તેમની શોધખોળ કરતા તેમની કોઈ ભાળ મળી નથી અને તેઓ આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ સૌરભ પાતળો બાંધો, ઘઉંવર્ણ અને ૫ ફૂટ ૮ ઈંચ ઉંચાઈ ધરાવે છે. જો કોઈને પણ આ યુવકની ભાળ મળે તો ડુંગરા પોલીસ સ્ટેશનનો ૦૨૬૦-૨૪૬૧૧૦૦, ૯૪૨૬૦૨૯૨૪૫, પોલીસ કંટ્રોલ રૂમ નં.૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ અને ઈ-મેઈલ એડ્રેસ sp-val@gujarat.gov.in પર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણવાયું છે.

## ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન નવસારીમાં મહિલાઓ માટે બની વિશ્વાસની સહેલી

# વર્ષ ૨૦૨૫ દરમિયાન નવસારી જિલ્લામાં ૨૫૪૬ કોલ દ્વારા મહિલાઓને કાઉન્સેલિંગ, બચાવ અને સરકારી એજન્સીઓ સાથે સંકલન દ્વારા અસરકારક સહાય

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૧૫**

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ તેમજ ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસીસ દ્વારા સંયુક્ત રીતે કાર્યરત ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન વર્ષ ૨૦૨૫ દરમિયાન ગુજરાતની પીડિત મહિલાઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. મહિલાઓ પર થતી શારીરિક, માનસિક, જાતીય સતામણી, ઘરેલુ હિંસા, લગ્નજીવનના વિખવાદો તેમજ અન્ય હેરાનગતીના કિસ્સાઓમાં અભયમ દ્વારા સમયસર સહાય, અસરકારક કાઉન્સેલિંગ, માર્ગદર્શન અને બચાવ કામગીરી કરવામાં આવી છે.

જાન્યુઆરી ૨૦૨૫ થી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન રાજ્યભરમાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર કુલ ૧૮૩૫૨૦ કોલ પ્રાપ્ત થયા હતા, જેમાંથી ૩૭૭૮૦ અતિ સંવેદનશીલ કિસ્સાઓમાં અભયમ ટીમ દ્વારા ઘટના સ્થળે પહોંચી બચાવ, માર્ગદર્શન અને જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. અન્ય કિસ્સાઓમાં અસરકારક કાઉન્સેલિંગ તેમજ સરકારી અને સામાજિક એજન્સીઓ સાથે સંકલન કરીને આશ્રય, સહયોગ અને સમાધાન કરાવવામાં આવ્યું હતું.

CALL 181 મહિલા હેલ્પલાઈન
સલાહ • બચાવ-મદદ • સૂચન-માર્ગદર્શન

નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૨૫ દરમિયાન કુલ ૨૫૪૬ જરૂરિયાતમંદ મહિલાઓના કોલ પ્રાપ્ત થયા હતા, જેમાંથી ૬૧૫ કિસ્સાઓમાં અભયમ રેસ્ક્યુ વાન ડિસ્પેચ કરવામાં આવી હતી. આમાંથી ૪૯૮ કિસ્સાઓમાં સફળ સમાધાન થયું હતું. જ્યારે ૧૦૩ કિસ્સાઓમાં મહિલાઓને બચાવ અર્થે વિવિધ એજન્સીઓમાં રિફર કરવામાં આવી હતી.

કુલ કોલોમાં કસ્ટડીના ૪૩, ઘરેલું હિંસાના ૧૨૧૫, લગ્નજીવનના વિખવાદોના ૧૯૭, શારીરિક-માનસિક-જાતીય હેરાનગતીના ૪૩૯, પરિવાર છોડેલના ૪૨, અન્ય સંબંધોના ૬૮, કાયદાકીય માર્ગદર્શનના ૩૨, બિનજરૂરી કોલ/મેસેજથી હેરાનગતીના ૧૬ તેમજ અન્ય મહિલાલક્ષી પ્રશ્નોના ૪૨૦ કોલનો સમાવેશ થાય છે. સાથે સાથે જનરલ માહિતી અને સરકારી મહિલાલક્ષી યોજનાઓ અંગેના ૫૬ કોલ પણ પ્રાપ્ત થયા હતા.

વર્ષ દરમિયાન જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, નારી સંરક્ષણ ગૃહ, ઓ.એસ.સી., પી.બી.એસ.સી., આશ્રય ગૃહ તેમજ સ્થાનિક સંસ્થાઓ અને કાર્યકરો તરફથી નોંધપાત્ર સહયોગ મળ્યો હતો. પરિણામે અભયમ ટીમ દ્વારા મહિલા સલામતી, શાંતિ તેમજ પરિવારિક અને સામાજિક એક્તા માટે પ્રશંસનીય કાર્ય કરવામાં આવ્યું છે

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન આજે ગુજરાતની મહિલાઓ, યુવતીઓ અને વિદ્યાર્થીનીઓ માટે એક સાચી સાહેલી બની વિશ્વાસ અને આશ્વાસન પૂરું પાડી રહી છે.

# ધરમપુરના જામલિયામાં ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન અપાયું







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૫**

ધરમપુર તાલુકાના જામલિયા ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધરમપુર તાલુકાના બ્લોક ટેક્નોલોજી મેનેજર શ્રી પ્રીતેશભાઇ, આસિ. ટેક્નોલોજી મેનેજર મયંકભાઈ પટેલ, કમ્યુનિટી રિસોર્સ પર્સન શ્રી રમણભાઈ પટેલ અને કૃષિ સખી પૂનમબેન હાજર રહ્યા હતા. શ્રી પ્રીતેશભાઈ દ્વારા આંબા પાકમાં જીવામૃત અને ઘનજીવામૃત અને બધા અર્કના શું ફાયદા થાય તેની માહિતી આપી હતી. પ્રાકૃતિક ખેતીમાં પાંચ આયામનો કઈ રીતે ઉપયોગ કરી શકાય એની વિસ્તારથી માહિતી આપવામાં આવી હતી. જેમાં જીવામૃત, ઘન જીવામૃત બનાવવાની રીત અને ઉપયોગ કરવાથી જમીનની ફળદ્રુપતા વધે છે અને ઉત્પાદનમાં પણ વધારો જોવા મળે છે એની સમજ આપી હતી. પ્રાકૃતિક ખેતી કરવાથી આપણે ઝેર મુક્ત અનાજ અને શાકભાજીની ખેતી કરી દરેક લોકોનું સ્વાસ્થ્ય સારૂ રહે એના માટે માહિતી આપી હતી. સીઆરપી શ્રી રમણભાઈ દ્વારા ખેડૂતોને જીવામૃત કેવી રીતે બનાવવાનું એ અંગેની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી.

# પશુસંવર્ધન અને પશુપાલન માટે ધરમપુરના નડગધરીમાં ૯૯મો ગૌદાન કાર્યક્રમ યોજાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૫**







ધરમપુર તાલુકાના નડગધરી ગામે ગામના સરપંચશ્રી તથા તિથલ ગામના સરપંચ રાકેશભાઈ પટેલની મદદથી ગૌદાન કાર્યક્રમ ડૉ.આશા ગોહિલ દ્વારા યોજાયો હતો. જેમાં ૮ ગૌવંશ વિતરણ કરવામાં આવ્યા હતા. જરૂરિયાતમંદ લોકો પશુપાલન અને પશુસંવર્ધન થકી પગભર બને એ હેતુથી આયોજિત થતા ગૌદાન કાર્યક્રમનો ૯૯મો ગૌદાન કાર્યક્રમ યોજાયો હતો.

તિથલ ગોદાવરી બાગ પાસે રહેતા હંસાબેન પટેલ દ્વારા આઠ ગૌવંશ પૂરા પાડવામાં આવ્યા હતા. આ ગૌવંશને વલસાડથી નડગધરી લઈ જવા માટે આર્થિક સહાય ડૉ. સુધીર જોશી તથા પ્રા.ડૉ.જ્યોતિ જોશી તરફથી મળી હતી. ગામના સરપંચની ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં વલસાડથી ડૉ.સુધીર જોશી, ડૉ. જ્યોતિ જોશી, જયેશ ચૌહાણ (ઈન્ચાર્જ પ્રિ.વાડિયા વિમેન્સ કૉલેજ, સુરત), હાર્દિક પટેલ (એડવોકેટ, નોટરી), જે. સી.મિસ્ત્રી, દિપકભાઈ મર્ચન્ટ (બીલીમોરા) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા બાબલભાઈ, સલમુભાઈ, માવજીભાઈ અને સૂરજભાઈએ જહેમત ઉઠાવી હતી.

અત્રે નોંધનીય છે કે, ગૌદાન કાર્યક્રમ થકી પશુપાલન દ્વારા ઘર બેઠાં ગ્રામીણ વિસ્તારમાં આજીવિકા ઊભી થઈ રહી છે. આ અગાઉ આપેલા ગૌવંશનો ઉપયોગ પશુપાલન અને પશુસંવર્ધન માટે થઈ રહ્યો છે કે કેમ જોવા માટે ડો.આશાબેન ગોહિલ દ્વારા વખતો વખત લાભાર્થીના ઘરે મુલાકાત પણ લેવામાં આવે છે.

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# ઈરાનમાં મોંઘવારીની સામે લોકોનો વિરોધ: ડોનાલ્ડ ટ્રમ્પે વચ્ચે કૂદવાની આપેલી ચિમકી

ઈરાનમાં સરકારની સામેનું વિરોધ પ્રદર્શન દિવસોદિવસ ગંભીર સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. ઈરાનનાં શહેરોમાં લોકો હવે સરકારી વાહનો અને મિલકતોને આગ ચાંપી રહ્યા છે, તેમને કાબૂમાં લેવા સલામતી દળોને છૂટો દૌર અપાયો છે. ઘેરી બનતી જતી આ કટોકટીમાં અમેરિકાએ માનવ અધિકારના નામે ઝંપલાવ્યું છે. હવે આ સ્થિતિ ઈરાનની આંતરિક બાબત પૂરતી મર્યાદિત રહેવાને બદલે તહેરાન અને વોશિંગટન વચ્ચે યુદ્ધના સંજોગો ઊભી કરી રહી છે. હાલત એવી છે કે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખોમેની વચ્ચે હાકલા પડકાર ચરમસીમાએ છે. ઈરાનમાં મોંઘવારીની સામે લોકોનો વિરોધ સતત વધી રહ્યો છે, તેને ત્યાંની સરકાર અમેરિકાના દોરીસંચારની દેન ગણાવે છે. ટ્રમ્પ ઈરાનમાં દરમ્યાનગીરીની ચીમકી આપી રહ્યા છે, તેના જવાબમાં ખોમેની વળતી કાર્યવાહી માટે સજ્જ હોવાના દાવા કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ૧૯૭૯માં શાહના શાસનના પતન બાદથી ઈરાનને પશ્ચિમી દેશોના પ્રતિબંધોનો સામનો કરવો પડી રહ્યો છે. આ પ્રતિબંધોને લીધે ઈરાનમાં જીવનજરૂરી વસ્તુઓની તંગી અને ભાવો વધ્યા છે. આવા સંજોગોમાં પણ ઈરાની સરકારે તેના અણુશસ્ત્રોના કાર્યક્રમને રોકીને પ્રતિબંધોને હળવા કરવાની પરવાહ કરી નથી. આના પરિણામે લોકોની તકલીફોનો અંત આવતો નથી. સરકારી આંકડા મુજબ ઈરાનમાં મોંઘવારીનો દર ૪૨ ટકા થઈ ગયો છે. ખાવા પીવાની વસ્તુઓના ભાવો ૧૧૦ ટકા વધી ગયા છે. દુનિયાના તેલ ભંડારોનો દસેક ટકા હિસ્સો ધરાવતા હોવા છતાં ઈરાન પર અમેરિકાના પ્રતિબંધોને લીધે આ તેલની આવક અટકી પડી છે. અમેરિકાનો આરોપ છે કે, ઈરાન તેલની આવકનાં નાણાં અણુશસ્ત્રોને વિકસાવવામાં ખર્ચી રહ્યું છે. અત્રે નોંધનીય છે કે, છે કે, મોંઘવારીની સાથોસાથ કડક ઈસ્લામિક કાયદાના અમલને લીધે યુવાનો અને મહિલાઓમાં ભારે નારાજગી છે. આ બધાં કારણોને લીધે લોકોનો રોષ ચરમસીમાએ છે. હવે ઈરાનની આંતરિક કટોકટી વૈશ્વિક મંચ પર કેવો ખેલ કરે છે, તે આગામી દિવસોમાં સ્પષ્ટ થઈ જશે.

# દૂધાળા પશુઓનાં આહારવિષયક સૂચિ



- શરીરના નિભાવ માટે ગાયને એક કિલો તથા ભેંસ ગાયને બે કિલો સમતોલ દાણ આપવું જોઈએ.
- પાંચ માસની ગાભણ અવસ્થા પછી દૈનિક એકથી દોઢ કિલો વધારાનું દાણ આપવું જોઈએ.
- પશુને ખોરાકમાં નિયમિત ત્રીસ ગ્રામ જેટલું ક્ષાર મિશ્રણ અને ૨૫ ગ્રામ મીઠું આપવું જોઈએ.
- દૂધાળા પશુને સામાન્ય રીતે દૈનિક ૨૦ કિલો લીલો ચારો તથા આઠ થી દશ કિલો સૂકો ચારો આપવો જોઈએ.
- કઠોળ વર્ગમાં રજકા જેવો ઘાસચારો, પૂરતા પ્રમાણમાં આપવાથી, દૂધ ઉત્પાદન ઘટાટ્યા સિવાય, ખાણદાણનો ખર્ચ ઘટાડી શકાય છે.
- ધાન્ય વર્ગના ચારા જેવા કે મકાઈ, જુવાર, ઓટ, બાજરી, સેઢાપાળાના ઘાસ છે. જ્યારે કઠોળ વર્ગના ચારા જેવા કે રજકો, ગુવાર, ચોળા, બરસીમ અને દશરથ ઘાસ છે.
- ફક્ત લીલાચારામાં જ વિટામીન ''એ'' તથા અન્ય વિટામીન્સ હોઈ પ્રજનન પ્રક્રિયા નિયમિત બને છે અને નિયમિત વિયાણ થાય છે.
- પશુઓમાં વરોળપણું અને રતાંધળાપણું અટકાવી શકાય છે.
- ક્ષાર અને પોષક તત્ત્વ પ્રમાણસર હોવાથી તંદુરસ્તી અને ઉત્પાદન જાળવી શકાય છે.
- પશુને હંમેશા જિલ્લા સંઘ દ્વારા બનાવાતું સમતોલ દાણ આપો. આ દાણ પશુને જરૂરી બધા પોષક તત્ત્વો ધરાવતું હોય છે તથા સસ્તું હોય છે.

**- મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# ભક્તિ માત્ર શબ્દ નથી પણ જીવન જીવવાની સજગ યાત્રા છે: નિરંકારી સદ્ગુરૂ માતા સુદીક્ષાજી મહારાજ

## ભક્તિ ભાવથી ભરપુર ભક્તિ પર્વ સમાગમનું દિવ્ય આયોજન

**સમાલખા, તા.૧૫**
**(વિનોદભાઈ માછી નિરંકારી દ્વારા)**

ભક્તિ માત્ર શબ્દ નથી, જીવન જીવવાની સજગ યાત્રા છે આ પ્રેરણાદાયી વિચાર નિરંકારી સદ્ગુરૂ માતા સુદીક્ષાજી મહારાજે હરિયાણા ખાતે આવેલ સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ, સમાલખામાં આયોજિત 'ભક્તિ પર્વ સમાગમ'ના પવિત્ર અવસર પર શ્રદ્ધાળુઓને સંબોધિત કરતાં વ્યક્ત કર્યા હતા. આ અવસરે સદ્ગુરૂ માતા સુદીક્ષાજી મહારાજ તથા નિરંકારી રાજપિતા રમિતજીના પાવન સાનિધ્યમાં શ્રદ્ધાભક્તિ અને આધ્યાત્મિક આનંદની અનોખી ઝલક જોવા મળી હતી. દિલ્હી એન.સી.આર. સહિત દેશ-વિદેશમાંથી આવેલા હજારો શ્રદ્ધાળુ ભક્તોએ આ દિવ્ય સંત સમાગમમાં ભાગ લઈને સત્સંગ દ્વારા આધ્યાત્મિક આનંદ અને આત્મિક શાંતિનો અનુભવ કર્યો હતો.

આ પવિત્ર અવસરે પરમ સંત સંતોખસિંહજી સહિત અનેક સંત મહાપુરૂષોના તપત્યાગ અને તેમના બ્રહ્મજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં આપેલા અમૂલ્ય યોગદાનનું ભાવપૂર્ણ સ્મરણ કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓએ તેમના જીવનમાંથી પ્રેરણા લઈને ભક્તિ સેવા અને સમર્પણના મૂલ્યોને આત્મસાત કરવાનો સંકલ્પ લીધો હતો. સમાગમ દરમિયાન અનેક વક્તાઓ, કવિઓ અને ગીતકારોએ પોતપોતાની શૈલીમાં ગુરૂમહિમા, ભક્તિભાવ અને માનવ કલ્યાણના સંદેશાઓને અત્યંત ભાવપૂર્ણ રીતે રજૂ કર્યા હતા. સંતોના પ્રેરણાદાયી ઉપદેશોએ હાજર શ્રદ્ધાળુઓના હૃદયને સ્પર્શીને તેમના જીવનને આધ્યાત્મિક દ્રષ્ટિએ સમૃદ્ધ બનાવ્યું હતું.

ભક્તિની મહિમા પર પ્રકાશ પાડતાં સદ્ગુરૂ માતાજીએ કહ્યું કે ભક્તિ કોઈ નામ કે દેખાડો નથી પરંતુ પોતાની અંદરની સભાનયાત્રા છે. સાચી ભક્તિ ત્યારે જ થાય છે કે જ્યારે આપણે આત્મમંથન દ્વારા અન્યના પહેલાં પોતાનું પરીક્ષણ કરીએ, પોતાની ખામીઓને સુધારીએ અને દરેક ક્ષણ જાગૃત જીવન જીવીએ. અજ્ઞાન દશામાં થયેલી ભૂલો સુધારી શકીએ પરંતુ જાણી જોઈને બીજાને દુ:ખ પહોંચાડવું, બહાનાં બનાવવાં કે ચતુરાઈભર્યા શબ્દો ઉચ્ચારવા એ ભક્તિ નથી, કારણ કે ભક્તનો સ્વભાવ ઉપકારક હોય છે. દરેકમાં નિરાકાર પ્રભુને જોઈને સરળ અને નિષ્કપટ વ્યવહાર કરવો અને બ્રહ્મજ્ઞાન પછી સેવાસુમિરણ અને સત્સંગથી આ અનુભૂતિને જાળવી રાખવી એ જ ભક્તિ છે. અંતે ભક્તિ એ નામની નહીં, જીવનની પસંદગી છે.

સદ્ગુરૂ માતાજી પહેલાં નિરંકારી રાજપિતાજીએ ભક્તિપર્વના અવસરે સમજાવ્યું કે ભક્તિ કોઈ પદ ઓળખ કે પોતાની બનાવેલી વ્યાખ્યા નથી પરંતુ બ્રહ્મજ્ઞાન મેળવીને કર્તાભાવનો અંત થવાથી ઉત્પન્ન થયેલ જીવન જીવવાની રીત છે. અમે સંતોના વચનામૃત તેથી જ માન્યા છે કારણ કે ગુરૂનું વચન માનવું અમારા માટે સ્વાભાવિક હતું, જ્યારે આપણે ઘણી વખત સંતવાણીને ન માનીને મનમાની કરીએ છીએ. સત્ય અને ભક્તિની વ્યાખ્યા એક જ છે, જો ભક્તિને સિદ્ધિઓ કે અહંકાર સાથે જોડીએ તો કર્તાભાવ જીવંત રહે છે. ભક્તિ કોઈ સોદો નથી, પ્રેમની પસંદગી છે, જ્યાં પ્રયાસ રહે છે પરંતુ દાવો રહેતો નહીં તેથી અરદાસ એ જ છે કે પોતાની બધી વ્યાખ્યાઓ છોડીને એવું જીવન જીવીએ કે જ્યાં વચન, સેવા, સુમિરણ અને સત્સંગ સ્વભાવ બની જાય કારણ કે ભક્તિ પોતાની વ્યાખ્યા પર આધારીત હોય તો તે ભક્તિ નથી.

સદ્ગુરૂ માતાજીએ માતા સવિન્દરજી તથા રાજમાતાજીના જીવનને ભક્તિ, સમર્પણ અને નિ:સ્વાર્થ સેવાનું જીવંત પ્રતિક ગણાવતાં કહ્યું હતું કે આ માતૃશક્તિઓનું સંપૂર્ણ જીવન નિરંકારી મિશન માટે એક શ્રેષ્ઠ ઉદાહરણ છે, જે દરેક શ્રદ્ધાળુને સેવા અને સમર્પણની પ્રેરણા આપે છે. નિરંકારી મિશનનો મૂળ સિદ્ધાંત એ જ છે કે ભક્તિ પરમાત્મા તત્ત્વને જાણીને જ પોતાના વાસ્તવિક અને સાર્થક સ્વરૂપને પ્રાપ્ત કરવાનું છે. સદ્ગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના અમૂલ્ય પ્રવચનોએ શ્રદ્ધાળુઓને બ્રહ્મજ્ઞાનના માધ્યમથી ભક્તિના વાસ્તવિક અર્થને સમજવા તથા તેને પોતાના દૈનિક જીવનમાં અપનાવવાની પ્રેરણા આપી.

# વિનાશકારી ઘટનાથી શોક થતો હોય છે અને ભવિષ્યમાં થનારી મહાઅનર્થકારી ઘટનાની ચિંતા થતી હોય છે

**આ** બીજો અધ્યાય સાંખ્યયોગ છે, સંખ્યા ઉપરથી સાંખ્ય. ૨૫ તત્ત્વોની સંખ્યા હોવાથી કપિલદર્શનને સાંખ્યદર્શન કહેવાય છે. આ અધ્યાયમાં સાંખ્યશાસ્ત્રનો વિશેષ આધાર લેવાયેલ છે તેથી સાંખ્યયોગ કહ્યો છે. ગીતામાં સાંખ્યને જ્ઞાન કહ્યું છે.

દુર્યોધને દ્રોણાચાર્યને બંને સેનાઓની વાત કહી છતાં દ્રોણાચાર્ય કંઈપણ બોલ્યા નહીં એટલે દુર્યોધન દુ:ખી થઈ ગયો, ત્યારે દુર્યોધનને પ્રસન્ન કરવા માટે દાદા ભીષ્મએ જોરથી શંખ વગાડ્યો. ભીષ્મનો શંખ ફૂંકાયા પછી કૌરવ અને પાંડવ સેનાઓના વાજીંત્રો વાગ્યા. તે પછી વીસમા શ્લોકથી શ્રી કૃષ્ણ-અર્જુન સંવાદ શરૂ થયો. અર્જુને ભગવાનને પોતાનો રથ બંન્ને સેનાઓની મધ્યમાં ઉભો રાખવા માટે કહ્યું. ભગવાને બંન્ને સેનાઓની વચ્ચે ભીષ્મ, દ્રોણ વગેરેની સામે રથ ઉભો રાખીને અર્જુનને કુરૂના વંશજોને જોવા માટે કહ્યું. બંન્ને સેનાઓમાં પોતાનાં જ સ્વજનો સંબંધીઓને જોઈને અર્જુનના મનમાં કૌટુંબિક મોહ જાગ્રત થયો, જેને પરિણામે અર્જુન યુદ્ધ કરવાનું છોડીને બાણ સહિત ધનુષ્ય છોડી દઈને રથના મધ્યભાગમાં બેસી ગયા, એ પછી વિષાદમગ્ન અર્જુનને ભગવાને શું કહ્યું એ વાત ધૃતરાષ્ટ્રને સંભળાવવા માટે સંજય બીજા અધ્યાયના વિષયનો આરંભ કરે છે.

**સંજય ઉવાચ:**

તં તથા કૃપયાવિષ્ટમશ્રુપૂર્ણાકુલેક્ષણમ્
વિષીદન્તમિદં વાક્યમુવાચ મધુસૂદન:

આ પ્રમાણે કાયરતાથી ઘેરાયેલા તે અર્જુનને શોક કરતા અને આંસુઓના લીધે જેમના નેત્રોની જોવાની શક્તિ રૂંધાઈ રહી છે, ભગવાન મધુસૂદને આ (આગળ કહેવાશે) વાક્ય કહ્યું.(૨/૧)

કૃપયાવિષ્ટકૃપા, દયા તેનાથી આવિષ્ટ, બદ્ધ એવો અર્જુન જે મહાસંહાર થવાનો છે જોઈને, જાણીને જેનું દ્રવી ઉઠ્યું છે, આવો કોમળ હૃદયનો માણસ યુદ્ધ ન કરી શકે. યુદ્ધ ક્રુર કર્મ છે. ક્રુરતા અને કોમળતા સાથે ન રહી શકે. યુદ્ધનેતાનું કાળજું વજ્રથી પણ વધુ કઠોર હોય છે. ભીષણ નરસંહાર કરવો કે જોવો એ સરળ કામ નથી. અર્જુન તો અત્યારે કોમળ હૃદયવાળો થઈ ગયો છે.

અર્જુનની આંખો અશ્રુઓથી છલકાઈ રહી છે. પરમાત્માએ આંખોની રચના એવી કરી છે કે હૃદયમાં થનારા ભાવો તરત જ આંખો સુધી પહોંચીને વ્યક્ત થવા લાગે છે. શોકાકુલ થઈ ચુકેલી વિનાશકારી ઘટનાથી શોક થતો હોય છે પણ ભવિષ્યમાં થનારી આવી મહાઅનર્થકારી ઘટનાની ચિંતા થતી હોય છે. અર્જુનને અહીં ચિંતા થવી જોઈતી હતી તેની જગ્યાએ શોક થાય છે તે બતાવે છે કે અર્જુન ઘટી ચુકેલી ઘટનાને અનુભવી રહ્યો છે. તેને યુદ્ધ દેખાય છે અને સ્વજનોનો વિનાશ દેખાય છે તેથી શોકાકુલ થઈ ગયો છે. જેને ભવિષ્ય દેખાય તે ભવિષ્યદ્રષ્ટા કહેવાય. ભવિષ્યદ્રષ્ટા સુખી ન હોય કારણ કે મોટાભાગે ભવિષ્ય અનિષ્ટોથી ભરેલું હોય છે. ભગવાને કૃપા કરીને ભવિષ્ય ઉપર પડદો નાખી દીધો છે તે સારૂં કર્યું છે તેથી તો લોકો આનંદથી જીવે છે.

અર્જુન રથમાં સારથીરૂપે બેઠેલા ભગવાનને એવી આજ્ઞા કરે છે કે હે અચ્યુત! મારા રથને બંન્ને સેનાઓની વચમાં ઉભો રાખો કે જેથી હું એ જોઈ લઉં કે આ યુદ્ધમાં મારી સામે હાથ ઉગામનારા કોણ છે? એટલે કે મારા જેવા શૂરવીરની સાથે સાહસ કરીને કયા કયા યોદ્ધા લડવા આવ્યા છે? પોતાનું મરણ સામે જોવા છતાં પણ મારી સાથે લડવાની એમની હિંમત કેવી રીતે થઈ? આ રીતે અર્જુનમાં યુદ્ધ કરવાનો જે અતિશય ઉત્સાહ હતો, વીરતા હતી તે જ અર્જુન બંન્ને સેનાઓમાં પોતાના કુટુંબીઓને જોઈને એમના મરણની આશંકાથી મોહગ્રસ્ત થઈને એટલા શોકાતુર થઈ ગયા કે એમનું શરીર ઢીલું થવા લાગ્યું, મોઢું સુકાવા લાગ્યું, શરીરમાં ધ્રુજારી આવી રહી છે, રૂવાડાં ઉભાં થઈ રહ્યાં છે, હાથમાંથી ધનુષ્ય પડી રહ્યું છે, ચામડી બળી રહી છે, ઉભા રહેવાની પણ શક્તિ નથી અને મન પણ ભ્રમિત થઈ રહ્યું છે. ક્યાં અર્જુનનો એ સ્વભાવ કે ન દૈન્યમ્ ન પલાયનમ્ અને ક્યાં અર્જુનનું કાયરતારૂપી દોષથી, શોકથી વ્યાકુળ થઈને રથના મધ્યભાગમાં બેસી જવું! મોટા આશ્ચર્ય સાથે સંજય એ ભાવ જણાવી રહ્યા છે.

અર્જુન જેવા મહાન શૂરવીરના મનમાં પણ કૌટુંબિક



**ગીતામૃતમ્**
**વિનોદભાઈ માછી નિરંકારી**
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

મોહ છવાઈ ગયો અને આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. આંસુ પણ એટલાં વધારે ભરાઈ આવ્યાં કે નેત્રોથી સારી રીતે જોઈ શકતા નહોતા. અર્જુનમાં ધર્મનો વાઘો પહેરીને જે કર્તવ્યત્યાગરૂપી બુરાઈ આવી ગઈ હતી એના ઉપર આ ભગવાનની વાણી સીધો આઘાત પહોંચાડનાર છે. અર્જુનનો યુદ્ધથી ઉપરામ થવાનો જે નિર્ણય હતો એમાં ખળભળાટ મચાવનારી છે. અર્જુનને પોતાના દોષોનું




ભાન કરાવીને પોતાના કલ્યાણની જીજ્ઞાસા જાગ્રત કરાવી દેનાર છે. આ ગંભીર અર્થથી ભરેલી વાણીના પ્રભાવથી જ અર્જુન ભગવાનનું શિષ્યત્વ સ્વીકારીને એમને શરણે જાય છે.(૨/૭)

મધુસૂદન પદનો અર્થ છે કે ભગવાન શ્રીકૃષ્ણ મધુ નામના રાક્ષસને મારનારા એટલે કે દુષ્ટ સ્વભાવવાળાઓનો સંહાર કરવાવાળા છે એટલા માટે તેઓ દુષ્ટ સ્વભાવવાળા દુર્યોધન વગેરે નાશ કરાવ્યા વિના રહેશે ન નહીં. મધુ એટલે મોહને નષ્ટ કરનારા મધુસૂદન કહ્યા છે.

ભગવાને અર્જુન પ્રત્યે કયાં વચનો કહ્યાં તે આગળના બે શ્લોકોમાં કહે છે.

શ્રીભગવાન ઉવાચ:

કુતસ્ત્વા કશ્મલમિદં વિષમેસમુપસ્થિતમ્
અનાર્યજુષ્ટમ સ્વર્ગ્યમકીર્તિ કરમર્જુન

હે અર્જુન! આ વિષમ અવસર પર તને આ કાયરતા ક્યાંથી પ્રાપ્ત થઈ કે જેનું શ્રેષ્ઠ પુરૂષ સેવન કરતા નથી કારણ કે તે ન તો સ્વર્ગ આપનારી છે અને ન તો યશ આપનારી પણ છે. (૨/૨)

અર્જુન આ સંબોધન કરવાનું તાત્પર્ય એ છે કે તૂં સ્વચ્છ, નિર્મલ અંત:કરણવાળો છે, તેથી તારા સ્વભાવમાં આ બાલિશતા, કાયરતાનું આવવું એ બિલ્કુલ ઉલ્ટી વાત છે, છતાં એ તારામાં કેવી રીતે આવી ગઈ? ભગવાન આશ્ચર્ય પ્રગટ કરતાં અર્જુનને કહે છે કે આવા યુદ્ધના પ્રસંગે તારામાં શૂરવીતા, ઉત્સાહ આવવાં જોઈતાં હતાં પરંતુ આ કસમયે તારામાં આ કાયરતા ક્યાં આવી ગઈ? આશ્ચર્ય બે રીતે થાય છે પોતે નહીં જાણવાના કારણે અને બીજાને ચેતવણી આપવા માટે. ભગવાનનું અહીં જે આશ્ચર્યપૂર્વક બોલવું છે તે કેવળ અર્જુનને ચેતવણી આપવા માટે જ છે, જેથી અર્જુનનું ધ્યાન પોતાના કર્તવ્ય તરફ ચાલ્યું જાય.

કુત: એટલે ક્યાંથી? કહેવાનો તાત્પર્ય એ છે કે મૂળમાં આ કાયરતારૂપી દોષ તારામાં નથી, આ તો આગંતુક દોષ છે જે સદા રહેવાવાળો નથી. સમુપસ્થિતમ્ કહેવાનો અર્થ એ છે કે આ કાયરતા ફક્ત તારા ભાવોમાં અને વચનોમાં જ નથી આવી પરંતુ તારી ક્રિયાઓમાં પણ આવી ગઈ છે. એ તારા ઉપર સારી રીતે છવાઈ ગઈ છે, જેના કારણે તૂં ધનુષ્યબાણ છોડીને રથના મધ્યભાગમાં બેસી ગયો છે. અનાર્યજુષ્ટમ્ સમજદાર શ્રેષ્ઠ મનુષ્યોમાં જે ભાવો પેદા થાય છે તે પોતાના કલ્યાણના ઉદ્દેશ્યને લઈને થાય છે એટલા માટે ભગવાન કહે છે કે તારામાં જે કાયરતા આવી છે તે કાયરતાનો શ્રેષ્ઠ પુરૂષો સ્વીકાર કરતા નથી, કારણ કે તારી આ કાયરતામાં પોતાના કલ્યાણની વાત બિલ્કુલ નથી. કલ્યાણ ઈચ્છનારા શ્રેષ્ઠ મનુષ્યો પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંન્નેમાં પોતાના કલ્યાણનો ઉદ્દેશ્ય રાખે છે. એમનામાં પોતાના કલ્યાણ પ્રત્યે કાયરતા ઉત્પન્ન થતી નથી. પરિસ્થિતિ પ્રમાણે એમને જે કર્તવ્ય પ્રાપ્ત થાય છે એને તેઓ કલ્યાણપ્રાપ્તિના ઉદ્દેશ્યથી ઉત્સાહ અને તત્પરતાપૂર્વક સાંગોપાંગ કરે છે. તેઓ તારી જેમ કાયર થઈને યુદ્ધથી કે બીજા કોઈ કર્તવ્યકર્મથી ઉપરામ થવું એ તારા માટે કલ્યાણકારક નથી.

અસ્વર્ગ્યમ્કલ્યાણની વાત સામે નહીં રાખતાં જો સાંસારીક દ્રષ્ટિથી પણ જોવામાં આવે તો સંસાર કરતાં સ્વર્ગલોક ઊંચો છે, પરંતુ તારી આ કાયરતા સ્વર્ગને આપનારી પણ નથી એટલે કે કાયરતાપૂર્વક યુદ્ધથી નિવૃત્ત થવાનું ફળ સ્વર્ગની પ્રાપ્તિ પણ થઈ શકતું નથી.

અકીર્તિકરમ્ જો સ્વર્ગ મેળવવાનું પણ લક્ષ્ય ન હોય, તો સારો ગણાતો પુરૂષ એ જ કામ કરે છે જેનાથી સંસારમાં કીર્તિ મળે પરંતુ તારી જે આ કાયરતા છે તે આ લોકમાં પણ કીર્તિયશ આપનારી નથી તેથી તારામાં કાયરતા આવવી એ બધી જ રીતે અયોગ્ય છે. અનાર્યજુષ્ટમ્, અસ્વર્ગ્યમ્ અને અકીર્તિકરમ્ એવો ક્રમ રાખીને ત્રણ પ્રકારના મનુષ્યો બતાવ્યા છે. જે વિચારશીલ મનુષ્યો હોય છે તેઓ ફક્ત પોતાનું જ કલ્યાણ ઈચ્છે છે, એમનું ધ્યેય માત્ર કલ્યાણ જ હોય છે. જે પુણ્યાત્મા મનુષ્યો હોય છે તેઓ શુભ કર્મો દ્વારા સ્વર્ગની પ્રાપ્તિ ઈચ્છે છે, તેઓ સ્વર્ગને જ શ્રેષ્ઠ માનીને તેની પ્રાપ્તિનો જ ઉદ્દેશ્ય રાખે છે. જે સાધારણ મનુષ્યો હોય છે તેઓ સંસારને જ માન આપે છે એટલે તેઓ સંસારમાં પોતાની કીર્તિ ઈચ્છે છે અને આ કીર્તિને જ પોતાનું ધ્યેય માને છે.

ઉપરોક્ત ત્રણે પદો વાપરીને ભગવાન અર્જુનને સાવધાન કરે છે કે તારો જે આ યુદ્ધ નહીં કરવાનો નિર્ણય છે તે વિચારશીલ અને પુણ્યાત્મા મનુષ્યોના ધ્યેયકલ્યાણ અને સ્વર્ગની પ્રાપ્તિ પણ કરાવનારો નથી તથા સાધારણ મનુષ્યોનાં ધ્યેયકીર્તિને પ્રાપ્ત કરાવનારો પણ નથી એટલે મોહના લીધે તારો યુદ્ધ નહીં કરવાનો નિર્ણય ખુબ જ તુચ્છ છે જે તારૂં પતન કરવાવાળો, તને નરકમાં લઈ જનારો અને તારી અપકીર્તિ કરાવનારો થશે.

## મહિલા સુરક્ષાની બાબતમાં બેંગલુરુ સૌથી સુરક્ષિત

# બેંગલુરુને મળ્યો સૌથી સુરક્ષિત સિટીનો દરજ્જો

### કુલ ૫૩.૨૯ના સ્કોર સાથે બેંગલુરુએ કરિયર ગ્રોથ, નોકરીની તકો અને સામાજિક સુરક્ષાના મામલામાં તમામ શહેરોને પાછળ છોડી દીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**બેંગલુરુ, તા.૧૫**

ભારતમાં મહિલાઓ હવે કરિયર, સુરક્ષા અને જીવનની ગુણવત્તાને લઈને શહેર પસંદ કરતી વખતે વધુ જાગૃત બની છે, પરંતુ સવાલ એ છે કે કયું શહેર મહિલાઓ માટે સૌથી સુરક્ષિત અને અનુકૂળ છે? નવા રિપોર્ટમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. દિલ્હી, યુપી અને બિહાર જેવા મોટા રાજ્યોના શહેરો આ રેન્કિંગમાં પાછળ રહી ગયા છે, જ્યારે દક્ષિણ ભારતના શહેરોએ બાજી મારી લીધી છે. આ રેન્કિંગે મહિલા સુરક્ષા અને કરિયરના માપદંડો જ બદલી નાખ્યા છે. ચાલો જાણીએ આ શહેર વિશે.

અવતાર ગ્રુપના તાજેતરના રિપોર્ટ 'ટોપ સિટીઝ ફોર વિમેન ઈન ઈન્ડિયા' (TCWI) ૨૦૨૫ની ચોથી આવૃત્તિમાં બેંગલુરુએ મહિલાઓ માટે પ્રથમ સ્થાન મેળવ્યું છે. કુલ ૫૩.૨૯ના સ્કોર સાથે બેંગલુરુએ કરિયર ગ્રોથ, નોકરીની તકો અને સામાજિક સુરક્ષાના મામલામાં તમામ શહેરોને પાછળ છોડી દીધા છે. હવે પ્રશ્ન છે કે, આ



રેંકિંગ કઈ રીતે નક્કી કરવામાં આવી? તો શહેરોને મુખ્ય બે માપદંડો પર માપવામાં આવ્યા હતા.

૧. સોશિયલ ઈન્ક્લુઝન સ્કોર (SIS): મહિલાઓની સુરક્ષા, સ્વાસ્થ્ય, શિક્ષણ અને જાહેર સુવિધાઓનું મૂલ્યાંકન. ૨.ઈન્ડસ્ટ્રિયલ ઈન્ક્લુઝન સ્કોર (IIS): મહિલાઓ માટે રોજગારીની તકો અને કંપનીઓ દ્વારા આપવામાં આવતી સુવિધાઓ. આ બન્નેને ભેગા



કરીને શહેરોનો કુલ રેંક નક્કી કરવામાં આવ્યો હતો.

ચેન્નઈ બીજા સ્થાન પર રહ્યું છે. ત્યારબાદ પુણે ત્રીજા ક્રમે અને હૈદરાબાદ ચોથા ક્રમે છે. ચેન્નઈ સામાજિક સુરક્ષા, પબ્લિક ટ્રાન્સપોર્ટ અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં મહિલાઓ માટે ઉત્તમ માનવામાં આવ્યું. કરિયર ગ્રોથમાં બેંગલુરુ આગળ છે, પરંતુ સામાજિક પરિબળોમાં ચેન્નઈ આગળ છે. દિલ્હી, ગુરુગ્રામ અને નોઈડામાં નોકરીઓની ભરમાર છે, પરંતુ સુરક્ષા, મોંઘવારી અને મોબિલિટીના મામલે આ શહેરો પછાત રહ્યા છે. ગુરુગ્રામમાં અગાઉના રેંકિંગની સરખામણીએ થોડો સુધારો જોવા મળ્યો છે, પરંતુ હજુ પણ તે મહિલાઓ માટે સંપૂર્ણ રીતે અનુકૂળ માનવામાં આવતું નથી. મુંબઈ કરિયરની તકોમાં સમૃદ્ધ છે, પરંતુ રહેવાની મોંઘવારી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર મહિલાઓ માટે પડકારરૂપ બની ગયું છે. પુણે પણ કરિયરના વિકલ્પો આપે છે, પરંતુ સુરક્ષા અને સામાજિક સુવિધાઓની બાબતમાં કેટલીક મર્યાદાઓ છે. ૨૦૨૫ના રેન્કિંગમાં શિમલા અને તિરુવનંતપુરમ જેવા ટાયર-૨ શહેરોની હાજરી વધી છે. આ શહેરો સામાજિક સુરક્ષા અને જીવનની ગુણવત્તામાં સારા છે, પરંતુ ઔદ્યોગિક ભાગીદારી અને રોજગારીનો અભાવ આ શહેરો માટે મોટો મુદ્દો છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### મોહમ્મદ સિરાજને મળી મોટી જવાબદારી

## હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશને મોહમ્મદ સિરાજને નવા કેપ્ટન તરીકે જાહેર કર્યો

**સિરાજ ન્યુઝીલેન્ડ સામેની શ્રેણીમાં રમી રહ્યો છે : તેને રણજી ટ્રોફી સીઝનની બાકીની બે મેચો માટે હૈદરાબાદ ટીમની કમાન સોંપાઈ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૫:** ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાનારી ત્રણ મેચની વનડે શ્રેણી માટે ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજ ટીમનો ભાગ છે. જ્યારે સિરાજે પહેલી બે મેચમાં ખાસ પ્રદર્શન કર્યું નથી, ત્યારે તેને ઘરેલુ ક્રિકેટમાં મહત્વપૂર્ણ જવાબદારી સોંપવાની જાહેરાત કરવામાં આવી છે. રણજી ટ્રોફી ૨૦૨૫-૨૬ની બાકીની ગ્રુપ મેચો માટે હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશને મોહમ્મદ સિરાજને નવા કેપ્ટન તરીકે જાહેર કર્યો છે.



રાહુલ સિંહે રણજી ટ્રોફી ૨૦૨૫-૨૬ની શરૂઆતની ગ્રુપ મેચોમાં હૈદરાબાદ માટે કેપ્ટનશીપ સંભાળી હતી, પરંતુ ટીમનું પ્રદર્શન અપેક્ષા મુજબ નહોતું, પાંચ મેચમાંથી માત્ર એક જ જીતી અને એક હારનો સામનો કરવો પડ્યો. વધુમાં ત્રણ મેચ ડ્રો રહી. પરિણામે હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશને ગ્રુપ સ્ટેજની બાકીની બે મેચ માટે અનુભવી ખેલાડી મોહમ્મદ સિરાજને કેપ્ટન તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લીધો છે.

સિરાજ રણજી ટ્રોફીમાં પહેલીવાર કેપ્ટન તરીકે રમશે, ૨૨ જાન્યુઆરીએ મુંબઈ સામે ગ્રુપ ડી મેચથી કેપ્ટનશીપ સંભાળશે. હૈદરાબાદ ટીમનો આગામી મુકાબલો ૨૯ જાન્યુઆરીએ છત્તીસગઢ સામે છે.

અગાઉ કેપ્ટનશીપ સંભાળી ચૂકેલા રાહુલ સિંહને વાઈસ-કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે.

૨૦૨૫-૨૬ રણજી ટ્રોફીની અંતિમ બે ગ્રુપ મેચ માટે મોહમ્મદ સિરાજને કેપ્ટન તરીકે નિયુક્ત કરતા પહેલ હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનના મુખ્ય પસંદગીકારે તેની સાથે વાત કરી હતી. ક્રિકબઝને આપેલા નિવેદનમાં, હૈદરાબાદના મુખ્ય પસંદગીકારે કહ્યું, "અમે તેની સાથે વાત કરી છે અને તે સિઝનની બાકીની મેચો માટે ઉપલબ્ધ છે. તે એક ફાઈટર છે અને હંમેશા જીતવા માંગે છે અને અમને વિશ્વાસ છે કે આનાથી અન્ય ખેલાડીઓના પ્રદર્શન પર અસર પડશે."

રણજી ટ્રોફી ૨૦૨૫-૨૬ની છેલ્લી બે ગ્રુપ મેચો માટે હૈદરાબાદની ટીમ : મોહમ્મદ સિરાજ (કેપ્ટન), રાહુલ સિંહ (વાઈસ-કેપ્ટન), સીવી મિલિંદ, તનય ત્યાગરાજન, રોહિત રાયડુ, કે હિમતેજા, એ વરુણ ગૌડ, એમ અભિરથ રેડ્ડી, રાહુલ રાદેશ (વિકેટકીપર), અમન રાવ પેરાલા, સીટીએલ રક્ષન રેડ્ડી, એન નીતિન સાઈ યાદવ, કનાલા નિતેશ રેડ્ડી, સાઈ પ્રજ્ઞાય રેડ્ડી (વિકેટકીપર), બી પુન્નૈયા.

### ED અધિકારીઓ વિરુદ્ધ FIR પર રોક

## I-PAC રેડ મામલે મમતા સરકારને ઝટકો : સુપ્રીમ કોર્ટે ફટકારી નોટિસ

**સુપ્રીમે પશ્ચિમ બંગાળ સરકાર પાસેથી બે અઠવાડિયામાં જવાબ માંગ્યો : કોર્ટે સ્પષ્ટપણે કહ્યું કે, કેન્દ્રીય એજન્સીની તપાસમાં કોઈ દખલ કરી શકાય નહીં**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૫**

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં ગત દિવસોમાં આઈ-પેક (I-PAC)ની ઓફિસ પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા પાડવામાં આવેલા દરોડાનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. ED એ બંગાળ પોલીસના અધિકારીઓ પર મમતા સરકારને મદદ કરવાનો અને તપાસમાં અવરોધ ઊભો કરવાનો ગંભીર આરોપ લગાવતી અરજી દાખલ કરી હતી. આ મામલે સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે ED અધિકારીઓ વિરુદ્ધ દાખલ થયેલી ફરિયાદ પર આગામી સુનાવણી સુધી પ્રતિબંધ મૂકતા નોટિસ જારી કરી છે અને પશ્ચિમ બંગાળ સરકાર પાસેથી બે અઠવાડિયામાં જવાબ માંગ્યો છે. કોર્ટે સ્પષ્ટપણે કહ્યું કે, કેન્દ્રીય એજન્સીની તપાસમાં કોઈ દખલ કરી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટનો મહત્વનો આદેશ જસ્ટિસ પી.કે. મિશ્રાએ આદેશ આપ્યો કે, ED અધિકારીઓ વિરુદ્ધ દાખલ થયેલી પોલીસ ફરિયાદ પરની કાર્યવાહી આગામી સુનાવણી સુધી સ્થગિત રહેશે. આ ઉપરાંત, કોર્ટે નિર્દેશ આપ્યો છે કે પ્રતિવાદી પક્ષ સીસીટીવી ફૂટેજ, સર્ચનું રેકોર્ડિંગ અને અન્ય સ્ટોરેજ ડિવાઈસને સુરક્ષિત રાખે. સીનિયર એડવોકેટ અભિષેક મનુ સિંઘવીએ અપીલ કરી હતી કે તપાસ કોઈ પણ પ્રકારના દબાણ વગર આગળ વધવી જોઈએ.

ED ના મમતા સરકાર પર ગંભીર આક્ષેપો સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ED તરફથી દલીલ કરતા કોર્ટમાં ચોંકાવનારો દાવો કર્યો કે, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રાજ્ય પોલીસની મદદથી તપાસ દરમિયાન કેટલાક મહત્વપૂર્ણ પુરાવાઓની ચોરી કરી છે. ઈડીનો આરોપ છે કે : દરોડા દરમિયાન મુખ્યમંત્રી પોતે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તપાસ અધિકારીઓના લેપટોપ, મોબાઈલ ફોન અને મહત્વના દસ્તાવેજો છીનવી લીધા હતા. એક અધિકારીનો અંગત ફોન પણ લઈ લેવામાં આવ્યો હતો.

આ ઘટનાને પગલે EDએ પશ્ચિમ બંગાળના ડીજીપી રાજીવ કુમાર અને કોલકાતા પોલીસ કમિશનર મનોજ કુમાર વર્માને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાની અને તેમની વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવાની માંગ કરી છે. સુપ્રીમ કોર્ટ બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, આ અરજી કેન્દ્રીય એજન્સીઓની તપાસ અને રાજ્યના અધિકારીઓ દ્વારા થતી કથિત દખલગીરી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. બેન્ચે અવલોકન કર્યું કે, કોઈ પણ રાજ્યની સુરક્ષાની આડમાં ગુનેગારો બચી જવા જોઈએ નહીં અને દરેક એજન્સીને સ્વતંત્ર રીતે કામ કરવાની આઝાદી મળવી જોઈએ.

કોર્ટે વધુમાં ઉમેર્યું કે, "કોઈ પણ એજન્સીને ચૂંટણીના કાર્યમાં દખલ કરવાનો અધિકાર નથી, પરંતુ જ્યારે કોઈ કેન્દ્રીય એજન્સી ગંભીર ગુનાની તપાસ પૂરી પ્રામાણિકતાથી કરી રહી હોય, ત્યારે કોઈ પક્ષ કે સરકાર તેની કામગીરીમાં અવરોધ બની શકે નહીં." કોર્ટે આ મામલે ત્રણ દિવસમાં જવાબ દાખલ કરવા નિર્દેશ આપ્યો છે.

### ભારતની લોકશાહી સામે સવાલ ઉઠાવનારાઓને મોદીનો જવાબ!

## ભારતની લોકશાહી તેની સ્થિરતા, વિકાસ અને વૈશ્વિક માન્યતાનું સૌથી મોટું કારણ છે



**મોદીએ કહ્યું કે આ પરિષદ જ્યાં યોજાઈ રહી છે તે સેન્ટ્રલ હોલ ભારતની લોકશાહી યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ રહ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૫**

દેશની રાજધાની દિલ્હીના બંધારણ ભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની લોકશાહીની શક્તિનું ચિત્ર દોર્યું જે આપણને તેના ભૂતકાળના ઈતિહાસની યાદ અપાવે છે, પરંતુ ભવિષ્ય માટે સ્પષ્ટ દિશા પણ નક્કી કરે છે. કોમનવેલ્થ દેશોના સ્પીકર્સ અને પ્રમુખ અધિકારીઓ સમક્ષ પીએમ મોદીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે ભારતની લોકશાહી યાત્રા પર એક સમયે શંકા હતી. પરંતુ આજે, તે જ લોકશાહી ભારતની સૌથી મોટી તાકાત બની ગઈ છે. આ જ કારણ છે કે ભારત માત્ર સ્થિર જ નહીં પણ ઝડપથી પ્રગતિ પણ કરી રહ્યું છે.

વડાપ્રધાનનો સંદેશ ફક્ત ભાષણ પૂરતો મર્યાદિત નહોતો. જે સેન્ટ્રલમાં બેસી તેમણે વિશ્વને સંબોધન કર્યું હતું, તે ભારતના લોકશાહીના પાયાનો સાક્ષી રહ્યો છે. બંધારણ સભાથી લઈ સંસદ અને હવે બંધારણ ભવન સુધી આ સ્થળ પોતે ભારતના લોકશાહીની જીવંત કહાની છે. આ જ મંચ પરથી, પીએમ મોદીએ એ પણ જણાવ્યું કે લોકશાહી ચર્ચા અને અવાજથી નહીં, પરંતુ ધીરજ, સાંભળવાની ક્ષમતા અને દરેકને સાથે લઈ જવાની ક્ષમતાથી મજબૂત બને છે.

પીએમ મોદીએ કહ્યું કે આ પરિષદ જ્યાં યોજાઈ રહી છે તે સેન્ટ્રલ હોલ ભારતની લોકશાહી યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ રહ્યો છે. સ્વતંત્રતા પહેલા, બંધારણ સભા અહીં મળતી હતી. સ્વતંત્રતા પછી ૭૫ વર્ષ સુધી સંસદની બેઠક તરીકે સેવા આપતો હતો. હવે, તેનું નામ બદલીને બંધારણ ગૃહ રાખવામાં આવ્યું છે, જે ભારતની લોકશાહી પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

વડાપ્રધાનએ સંસદીય લોકશાહીમાં સ્પીકરની ભૂમિકાને મહત્વપૂર્ણ ગણાવી. તેમણે કહ્યું કે સ્પીકર વધુ બોલતા નથી, પરંતુ સૌથી વધુ સાંભળે છે. તેમની સાચી તાકાત ધીરજમાં રહેલી છે. એક સારા વક્તાની ઓળખ એ છે કે તેઓ ઘોંઘાટીયા, અસંમત અને ઉત્સાહી સભ્યોને સ્મિત સાથે સંભાળી શકે.

આ ચોથી વખત છે જ્યારે ભારતમાં કોમનવેલ્થ સ્પીકર્સ અને પ્રિસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સનું આયોજન થઈ રહ્યું છે. આ વખતે, કોન્ફરન્સનો વિષય "સંસદીય લોકશાહીનું અસરકારક અમલીકરણ" છે. તેનું ધ્યાન ફક્ત લોકશાહીની વ્યાખ્યા પર જ નહીં, પરંતુ જમીન પર તેના અસરકારક અમલીકરણ પર છે.

પીએમ મોદીએ કહ્યું કે એક સમયે એવી શંકા હતી કે ભારતમાં લોકશાહી મૂળિયાં પકડશે તો પણ વિકાસની ગતિ ધીમી રહેશે. પરંતુ ભારતે આ શંકાઓને ખોટી સાબિત કરી છે. આજે, ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર છે. ભારતમાં વિકસિત UPI, વિશ્વની સૌથી મોટી ડિજિટલ ચુકવણી પ્રણાલી છે. વેક્સીન ઉત્પાદનમાં ભારત પ્રથમ ક્રમે છે અને સ્ટીલ ઉત્પાદનમાં બીજા ક્રમે છે.

વડાપ્રધાન મોદીના મતે, ભારતનું લોકશાહી ફક્ત ચૂંટણીઓ સુધી મર્યાદિત નથી. તે નીતિ, નવીનતા અને સમાવેશી વિકાસનો પાયો છે. સંસ્થાકીય શક્તિ અને લોકશાહી પ્રક્રિયાઓએ ભારતને સ્થિરતા, મોટા પાયે કામ કરવાની ક્ષમતા અને ઝડપી નિર્ણય લેવાની ક્ષમતા આપી છે.

### ૧૨૦થી વધુ લોકોને આઈસોલેટ થવા આદેશ

## બંગાળમાં નિપાહ વાઈરસના વધુ 3 કેસ નોંધાતા ફફડાટ!

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૧૫**

પશ્ચિમ બંગાળમાં હાલ નિપાહ વાઈરસનો કાળો કહેર જોવા મળી રહ્યો છે. એક રિપોર્ટમાં કરવામાં આવેલા દાવા મુજબ પહેલા બે સ્વાસ્થ્ય કર્મીઓ બાદ હવે અન્ય ત્રણ લોકોમાં આ વાઈરસના લક્ષણો જોવા મળ્યા છે. જેની સાથે પશ્ચિમ બંગાળમાં નિપાહ વાઈરસથી સંક્રમિત લોકોની સંખ્યા વધીને પાંચ થઈ ગઈ છે.

હાલ બંને સંક્રમિત સ્વાસ્થ્ય કર્મીઓને ICUમાં સારવાર અપાઈ રહી છે. બંનેની હાલત ગંભીર છે. સ્વાસ્થ્ય અધિકારીઓ આ વાઈરસના સંપર્કમાં ત્યારે




આવ્યા જ્યારે તે આ વાઈરસ સંક્રમિતની શંકાએ ૧૨૦ લોકોને ટ્રેક કરી રહ્યા હતા. તે તમામ લોકોને હોમ કવોરન્ટાઈનમાં રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે.

પશ્ચિમ બંગાળામાં વધતાં પ્રકોપને જોતાં ડોકટરોએ એલર્ટ જાહેર કરી દીધું છે. મહત્વનું છે કે નિપાહ વાઈરસનું સંક્રમણ દર અને તેનાથી થતાં મૃત્યુ બંને ખતરાની ઘંટડી સમાન છે. સંક્રમણના શિકાર થતાં લોકોમાંથી ૪૦થી ૭૦ટકા લોકોનું મોત થાય છે. આ જોખમોને ધ્યાને રાખીને સ્થાનિક લોકોને વધુ સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી છે. તંત્ર ચિંતત એ માટે છે કે જે લોકોને નિપાહ વાઈરસનો ભોગ બન્યા છે તેમની રાજ્ય બહારની કોઈ જ ટ્રાવેલ હિસ્ટ્રી નથી. નિપાહ વાઈરસ મુખ્યત્વે ચામાચીડિયા (Fruit Bats) દ્વારા ફેલાય છે. જોકે, ચામાચીડિયામાંથી તે ડુક્કર, પશુઓ કે મનુષ્યોમાં કેવી રીતે પ્રવેશે છે તે અંગે વૈજ્ઞાનિકો પાસે હજુ કોઈ ચોક્કસ તારણ નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે સંક્રમિત ચામાચીડિયાની લાળ કે પેશાબના સંપર્કમાં આવવાથી ચેપ લાગી શકે છે. નિપાહ વાઈરસમાં મૃત્યુદર ૭૦% જેટલો ઊંચો હોવાથી તે અત્યંત જોખમી માનવામાં આવે છે.

### કઈ રીતે ફેલાય છે નિપાહ વાઈરસ?

**પ્રાણીઓથી મનુષ્યો સુધી:** આ વાઈરસ ચામાચિડીયા અથવા ડુક્કરના મળ, મુત્ર અથવા લાળથી દુષિત થયેલા ભોજન ખાવાથી થાય છે.

**મનુષ્યોમાંથી મનુષ્યોમાં:** સંક્રમિત વ્યક્તિના શરીરના પ્રવાહી જેવા કે, લાળ, લોહી અને ખુલ્લામાં છીંક ખાવાથી આ રોગ ફેલાય છે.

આ પણ વાંચો: ૧૦મું પાસ લોકો માટે ઈમ્મેં બમ્પર ભરતી, ૫૭૨ જગ્યા ખાલી, જાણો પગાર-વયમર્યાદા વિશે

**લક્ષણ**

**દિવસ:** વાઈરસ શરીરમાં પ્રવેશ કરતાં ૪ થી ૧૪ દિવસ પછી લક્ષણો જોવા મળે છે.

**શરુઆતના લક્ષણો:** તાવ આવવો, માથુ દુખવું, સ્નાયુઓમાં દુખાવો, ગળામાં ખારાશ, ઉલ્ટી અને થાક.

**ગંભીર લક્ષણ:** શ્વાસ લેવામાં તકલીફ પડવી, ચક્કર આવવા, દિશા ભૂલી જવી, એટેક, કોમા અને એન્સેફાલીટીસ (મગજનો સોજો).

### ભોપાલમાં શ્રદ્ધાળુઓને લઈ જતી

## પિકઅપ ટ્રક ટ્રેક્ટર-ટ્રોલી સાથે અથડાઈ: માતા, પુત્ર, પૌત્ર સહિત પાંચ લોકોના મોત



(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભોપાલ, તા.૧૫**

મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં મકર સંક્રાંતિનો પવિત્ર દિવસ એક પરિવાર માટે અત્યંત દુ:ખદ અને કાળ બનીને આવ્યો. જિલ્લાના બેરસિયા થાણા વિસ્તારમાં આવેલા વિધા વિહાર સ્કૂલ પાસે એક ટ્રેક્ટર-ટ્રોલી અને લોડિંગ વાહન વચ્ચે થયેલી ભીષણ ટક્કરમાં એક જ પરિવારના ૫ સભ્યોના ઘટનાસ્થળે જ કરૂણ મોત થયા હતા, જ્યારે ૧૨થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.


પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતકો તમામ વિદિશા જિલ્લાના સિરોંજ વિસ્તારના રહેવાસી હતા અને એક જ પરિવારના સભ્યો હતા. મકર સંક્રાંતિના પવિત્ર પર્વ નિમિત્તે આખો પરિવાર લોડિંગ વાહનમાં સવાર થઈને હોશંગાબાદ ખાતે નદીમાં સ્નાન કરવા માટે જઈ રહ્યો હતો. સવારના સમયે જ્યારે તેમનું વાહન બેરસિયા પાસે પહોંચ્યું, ત્યારે સામેથી આવી રહેલી એક ટ્રેક્ટર-ટ્રોલી સાથે તેમની ધડાકાભેર ટક્કર થઈ હતી.

ટક્કર એટલી ભીષણ હતી કે લોડિંગ વાહનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને તેમાં સવાર લોકો અંદર ફસાઈ ગયા હતા. આ દુર્ઘટનાને કારણે ઘટનાસ્થળે ચારેબાજુ ચીસાચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પાંચ લોકોએ તો ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો, જ્યારે અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતા.

દુર્ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને એસડીએમ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ઘાયલોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યારે પાંચેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હમીદિયા હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે.

### હરિદ્વારમાં હર કી પૌડી પર જય ગંગેના નાદ

## મકર સંક્રાંતિએ પ્રયાગરાજથી હરિદ્વાર સુધી લાખો શ્રદ્ધાળુઓએ લગાવી પવિત્ર ડૂબકી



(સંપૂર્ણ સમાચાર સેવા)

**પ્રયાગરાજ, તા.૧૫**

મકર સંક્રાંતિ અને માઘ એકાદશીના પાવન અવસર પર દેશભરના પવિત્ર ઘાટો પર આસ્થાનો મહાસાગર ઉમટ્યો હતો. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ અને ઉત્તરાખંડના હરિદ્વારથી લઈને પશ્ચિમ બંગાળના ગંગાસાગર સુધી, લાખો શ્રદ્ધાળુઓએ બુધવારની વહેલી સવારથી જ પવિત્ર નદીઓમાં સ્નાન કરી પુણ્યનું ભાથું બાંધ્યું.

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા માઘ મેળામાં એકાદશી અને મકર સંક્રાંતિના શાહી સ્નાન માટે ભક્તોની ભારે ભીડ જોવા મળી. સંગમ તટ પર લાખો લોકોએ ત્રિવેણીમાં આસ્થાની ડૂબકી લગાવી. માઘ મેળા અધિકારી ઋષિ રાજના જણાવ્યા અનુસાર, સવારે ૬ વાગ્યા સુધીમાં જ લગભગ ૯ લાખ ૫૦ હજાર શ્રદ્ધાળુઓ સ્નાન કરી ચૂક્યા હતા અને ઘાટો પર ભીડ સતત વધી રહી હતી. ભક્તોના ઉત્સાહને જોતા, વહીવટીતંત્ર દ્વારા સુરક્ષાના અભૂતપૂર્વ વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર મેળા ક્ષેત્રમાં યુપી એટીએસની મોબાઈલ ટીમો તૈનાત છે અને ડ્રોન કેમેરાથી પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી હતી.

ઉત્તરાખંડના હરિદ્વારમાં પણ ગાઢ ધુમ્મસ અને ઠંડીની પરવા કર્યા વિના લાખો શ્રદ્ધાળુઓ 'હર કી પૌડી' ઘાટ પર ગંગા સ્નાન માટે ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી જ ઘાટ પર ભક્તોનો જમાવડો શરૂ થઈ ગયો હતો. પહાડો પરથી દેવડોલીઓ પણ ગંગા સ્નાન માટે હરિદ્વાર પહોંચી હતી, જેનાથી વાતાવરણ વધુ ભક્તિમય બન્યું હતું.

પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં આવેલા ગંગાસાગરમાં પણ મકર સંક્રાંતિ નિમિત્તે હજારો શ્રદ્ધાળુઓએ ગંગા નદી અને સાગરના સંગમ પર પવિત્ર સ્નાન કર્યું. દેશના ખૂણેખૂણેથી લોકો અહીં પહોંચ્યા હતા. હિન્દુ ધર્મમાં મકર સંક્રાંતિ અને માઘ મહિનાની એકાદશી પર પવિત્ર નદીઓમાં સ્નાન કરવાનું અત્યંત પુણ્યશાળી માનવામાં આવે છે.

### કોંગ્રેસ માટે બિહારથી ચિંતાજનક અહેવાલ

## કોંગ્રેસના તમામ ૬ ધારાસભ્યો જેડીયુમાં જોડાય તેવી શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પટણા, તા.૧૫**

બિહારના રાજકારણમાં ફરી એકવાર મોટા પાયે પક્ષપલટાના સંકેતો મળી રહ્યા છે, જેના કારણે રાજ્યનું રાજકીય સમીકરણ સંપૂર્ણપણે બદલાઈ શકે તેમ છે. ચર્ચા છે કે કોંગ્રેસના તમામ ૬ ધારાસભ્યો ટૂંક સમયમાં જ મુખ્યમંત્રી નીતિશ કુમારની પાર્ટી જનતા દળ(યુનાઈટેડ)માં જોડાઈ શકે છે. જો આવું થશે, તો ૨૪૩ સભ્યોની બિહાર વિધાનસભામાં કોંગ્રેસનું અસ્તિત્વ શૂન્ય થઈ જશે. રિપોર્ટ્સ અનુસાર, આ ધારાસભ્યો પક્ષની કામગીરીથી નારાજ છે અને તાજેતરમાં કોંગ્રેસ દ્વારા આયોજિત મહત્ત્વની બેઠકો અને કાર્યક્રમોથી પણ તેઓએ અંતર જાળવી રાખ્યું હતું, જે તેમના પક્ષ છોડવાના મજબૂત પુરાવા માનવામાં આવે છે. જો કોંગ્રેસના આ ૬ ધારાસભ્યો જેડીયુમાં જોડાશે, તો નીતિશ કુમારની પાર્ટી ૯૧ ધારાસભ્યો સાથે વિધાનસભામાં સૌથી મોટી પાર્ટી બની જશે અને ભાજપને પાછળ છોડી દેશે. હાલમાં ૮૯ બેઠકો સાથે ભાજપ પ્રથમ ક્રમે છે. જોકે, ભાજપ પણ પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માટે સક્રિય છે. સમાચાર છે કે ભાજપ ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટી રાષ્ટ્રીય લોક મોરચા (RLM)ના અસંતુષ્ટ ધારાસભ્યો પર નજર રાખી રહ્યું છે. ઈન્સના ૪ માંથી ૩ ધારાસભ્યો ભાજપના સંપર્કમાં હોવાનું કહેવાય છે, કારણ કે તેઓ કુશવાહા દ્વારા તેમના પુત્રને કેબિનેટ મંત્રી બનાવવાના નિર્ણયથી નારાજ છે.

બીજી તરફ, બિહારના રાજકારણમાં અન્ય એક મહત્ત્વની હલચલ ઘર વાપસીને લઈને જોવા મળી રહી છે. જેડીયુના પૂર્વ દિગ્ગજ નેતા આરસીપી સિંહ, જેઓ નીતિશ કુમારથી અલગ થઈને પ્રશાંત કિશોરની જન સુરાજમાં જોડાયા હતા, તેઓ ફરીથી જેડીયુમાં પરત ફરે તેવી શક્યતા છે.

# ભારત-ઓમાન વચ્ચે ૫,૦૦૦ વર્ષ જૂના દરિયાઈ સંબંધો પુનર્જીવિત થયા, INSV કૌડિન્ય મસ્કત પહોંચ્યું







## મસ્કતના પોર્ટ સુલતાન કાબૂસ ખાતે કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જહાજના ક્રૂ મેમ્બર્સનું ભવ્ય સ્વાગત કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મસ્તક, તા.૧૫**

ભારત અને ઓમાન વચ્ચેના હજારો વર્ષ જૂના દરિયાઈ અને સાંસ્કૃતિક સંબંધોમાં આજે એક નવો અધ્યાય ઉમેરાયો છે. ભારતીય નૌકાદળનું પરંપરાગત રીતે નિર્મિત જહાજ INSV કૌડિન્ય તેની પ્રથમ પોરબંદર-મસ્કત સફર સફળતાપૂર્વક પૂર્ણ કરીને મસ્કત પહોંચ્યું છે. મસ્કતના પોર્ટ સુલતાન કાબૂસ ખાતે કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જહાજના ક્રૂ મેમ્બર્સનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

પ્રાચીન કળા અને આધુનિક મૈત્રીનો સંગમINSV કૌડિન્યનો હેતુ ભારતની પ્રાચીન જહાજ નિર્માણ કળાને વિશ્વ સમક્ષ લાવવાનો છે. અજંતાની ગુફાઓના ચિત્રોમાંથી પ્રેરિત આ જહાજને આધુનિક ખીલીઓ કે ધાતુના જોડાણ વગર, માત્ર દોરીઓથી સીવીને તૈયાર કરવામાં આવ્યું છે. આ સફર ભારત અને ઓમાન વચ્ચેના ૫,૦૦૦ વર્ષ જૂના વ્યાપારિક અને સભ્યતાના જોડાણને પુનર્જીવિત કરે છે.

આ દરમિયાન મંત્રી સર્બાનંદ સોનોવાલે ઓમાનના પરિવહન અને IT મંત્રી એચ.ઈ. એન્જિનિયર સઈદ બિન હમૂદ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠકમાં સોનોવાલે બંને દેશો વચ્ચે 'ગ્રીન શિપિંગ કોરિડોર' સ્થાપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમણે ઓમાનની કંપનીઓને ભારતના વિશાળ મેરીટાઈમ પ્રોજેક્ટ્સ જેવા કે મહારાષ્ટ્રના વધાવણ પોર્ટ (૯ અબજ ડોલર) અને તમિલનાડુના તુતીકોરીન પ્રોજેક્ટમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું હતું.

સ્વાગત સમારોહમાં ઓમાનના પ્રવાસન મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અને ભારતીય સમુદાયના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન બંને દેશોના પરંપરાગત નૃત્યો અને સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ભારત અને ઓમાન વચ્ચે સમુદ્રી વારસા અને સંગ્રહાલયો અંગેના સમજૂતી કરાર (MoU) પણ કરવામાં આવ્યા છે, જે આગામી સમયમાં બંને દેશોના ઐતિહાસિક સંબંધોને વધુ મજબૂત બનાવશે.

# ઈરાનમાં તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે એર ઈન્ડિયાની ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૫**

ઈરાનમાંસર્જાયેલીઅસ્થિરતા અને એરસ્પેસ બંધ થવાના કારણે આંતરરાષ્ટ્રીય વિમાની સેવાઓ પર મોટી અસર પડી છે, જેને પગલે એર ઈન્ડિયાએ મુસાફરો માટે મહત્ત્વની ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી છે. મધ્ય પૂર્વમાં વધતા તણાવને કારણે ઈરાન ઉપરથી પસાર થતી તમામ ફ્લાઈટ્સના રૂટ બદલવાની ફરજ પડી છે. એર ઈન્ડિયાએ સ્પષ્ટતા કરી છે કે મુસાફરોની સુરક્ષા તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા છે, તેથી ઈરાની એરસ્પેસનો ઉપયોગ ટાળીને ફ્લાઈટ્સ હવે વૈકલ્પિક લાંબા રૂટ પરથી ચલાવવામાં આવી રહી છે.આ ફેરફારને કારણે ઉડાનના સમયમાં વધારો થયો છે અને કેટલીક ફ્લાઈટ્સ મોડી પડી શકે છે, જ્યારે અમુક રૂટ્સ પર ફ્લાઈટ્સ રદ કરવાની જરૂરીયાત પણ પડી છે. ફ્લાઈટ રડાર ૨૪ના ડેટા મુજબ, હાલમાં કોઈ પણ વિમાન ઈરાનના આકાશમાંથી પસાર થઈ રહ્યું નથી અને તમામ એરલાઈન્સ અન્ય સુરક્ષિત માર્ગો અપનાવી રહી છે. ઉડ્ડયન નિષ્ણાતોના મતે, આ ભૌગોલિક-રાજકીય તણાવને કારણે વૈશ્વિક એર ઓપરેશન્સ અને શેડ્યૂલ ખોરવાયા છે.એર ઈન્ડિયાએ મુસાફરોને ખાસ વિનંતી કરી છે કે તેઓ એરપોર્ટ જવા નીકળે તે પહેલાં એરલાઈનની વેબસાઈટ અથવા ઓફિશિયલ પ્લેટફોર્મ પર પોતાની ફ્લાઈટનું સ્ટેટસ ચોક્કસ ચેક કરી લે. એરલાઈન સતત પરિસ્થિતિ પર નજર રાખી રહી છે અને સ્થિતિ સામાન્ય થતાં જ ફરી જૂના રૂટ શરૂ કરવામાં આવશે. ત્યાં સુધી મુસાફરોને સંયમ રાખવા અને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

# સાઉદી અરબના સૌથી વૃદ્ધ વ્યક્તિનું ૧૪૨ વર્ષની વયે નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**રિયાધ, તા.૧૫**

સાઉદી અરબમાં પોતાને દેશનો સૌથી વધુ ઉંમરવાળા વ્યક્તિ ગણાવનાર નાસિર રદાન અલ રાશિદ અલ વદાઈનું નિધન થયું છે. સ્થાનિક ન્યૂઝ મુજબ ૮ જાન્યુઆરીએ રાજધાની રિયાધમાં તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમના જનાજાની નમાઝ ધાહરાન અલ જનૂબમાં અદા કરવામાં આવી, જેમાં ૭ હજારથી વધુ લોકો સામેલ થયા હતા. તે બાદ તેમણે તેમના પૈતૃક ગામ અલ રાશિદમાં દફન કરવામાં આવ્યા. દાવો છે કે અલ વદાઈ તેમની પાછળ ૧૩૪ બાળકો અને પૌત્ર-પૌત્રીઓને છોડતા ગયા. સાઉદી મીડિયા અનુસાર, નાસિર રદાન અલ રાશિદ અલ વદાઈનો જન્મ ૧૮૮૪માં થયો હતો, આ એ જ વર્ષ છે જ્યારે અમેરિકામાં સ્ટેચ્યૂ ઓફ લિબર્ટીનું નિર્માણ શરૂ થયું હતું. ત્યારે સાઉદી અરબનું એકીકરણ પણ થયું ન હતું, પરિવાર મુજબ, અલ વદાઈએ દેશના સંસ્થાપક કિંગ અબ્દુલ અઝીઝથી લઈને હાલના શાસક કિંગ સલમાન સુધીનું રાજ જોયું છે. તેમણે ઘણા રાજાઓ, પેઢીઓ અને ઐતિહાસિક બદલાવોને પોતાની નજરે નિહાળ્યા છે.

# રશિયા-ઈરાન સહિત ૭૫ દેશના નાગરિકોને અમેરિકા વિઝા નહીં આપે, ટ્રમ્પનો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વૉશિંગ્ટન, તા.૧૫**

અમેરિકાના વિદેશ મંત્રાલયે (સ્ટેટ ડિપાર્ટમેન્ટ) ૭૫ દેશોમાંથી આવતી વિઝા અરજીઓની કામગીરી સંપૂર્ણપણે અટકાવી દીધી છે. આ દેશોમાં રશિયા, અફઘાનિસ્તાન, ઈરાન, ઈરાક, નાઈજીરિયા અને બ્રાઝિલ જેવા દેશોનો સમાવેશ થાય છે. ટ્રમ્પ સરકારનો તર્ક છે કે, આ પગલા પાછળનું મુખ્ય કારણ એવા અરજદારો પર નજર રાખવાનું છે, જેમના અમેરિકામાં 'પબ્લિક ચાર્જ' (સરકારી સહાય પર નિર્ભર) બનવાની સંભાવના વધુ છે. આ પ્રતિબંધો ૧ જાન્યુઆરીથી લાગુ કરવામાં આવ્યા છે અને તે અનિશ્ચિતકાળ સુધી અમલમાં રહેશે.વિદેશ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા એક મેમો અનુસાર, આ પગલું એવા અરજદારો માટે લેવાયું છે જેમના ભવિષ્યમાં સરકારી સહાયતા પર નિર્ભર થવાની શક્યતા જણાય



છે. વિભાગ હવે વિઝા સ્ક્રીનિંગ અને તપાસની પ્રક્રિયાઓનું પુનઃમૂલ્યાંકન કરશે. આ પ્રતિબંધ ત્યાં સુધી લાગુ રહેશે જ્યાં સુધી નવી સુરક્ષા પ્રક્રિયાઓ પૂર્ણ ન થઈ જાય. વિદેશ વિભાગના પ્રવક્તા ટૉમી પિગૉટના જણાવ્યા અનુસાર, અમેરિકા પોતાની સત્તાનો ઉપયોગ એવા લોકોને અટકાવવા માટે કરશે જે અમેરિકી જનતાના ટેક્સના પૈસાનો ફાયદો ઉઠાવીને વેલફેર (કલ્યાણકારી યોજનાઓ) પર નિર્ભર થઈ જાય છે.ટ્રમ્પ પ્રશાસન દ્વારા જે દેશોના નાગરિકોની એન્ટ્રી પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે તેમાં સોમાલિયા, રશિયા, અફઘાનિસ્તાન, બ્રાઝિલ, ઈરાન, ઈરાક, ઈજિપ્ત, નાઈજીરિયા, થાઈલેન્ડ, યમન અને અન્ય દેશોનો સમાવેશ થાય છે. તંત્રનું કહેવું છે કે, સોમાલિયા ખાસ કરીને અમેરિકી અધિકારીઓની નજરમાં છે. મિનેસોટામાં સામે આવેલા એક મોટા કૌભાંડ બાદ આ કડકાઈ વધારવામાં આવી છે, જ્યાં ટેક્સપેયર્સના પૈસાથી ચાલતા બેનિફિટ પ્રોગ્રામ્સનો મોટા પાયે દુરુપયોગ થયાનું બહાર આવ્યું હતું. ફેડરલ તપાસમાં સામે આવ્યું છે કે, હજારો લોકો નકલી દસ્તાવેજો દ્વારા સરકારી સહાય મેળવી રહ્યા હતા.

# અમેરિકાએ ૨૦૨૫માં ૮,૦૦૦ સ્ટુડન્ટ સહિત એક લાખથી વધુ લોકોના વિઝા રદ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વૉશિંગ્ટન, તા.૧૫**

ગુનાઈત ઈતિહાસ ધરાવતા ઈમિગ્રન્ટ્સ સામે કડક કાર્યવાહીના ભાગરૂપે અમેરિકાએ ૨૦૨૫માં આશરે એક લાખ ઈમિગ્રન્ટ્સના વિઝા રદ કર્યા હતાં. તેમાં આશરે ૮,૦૦૦ સ્ટુડન્ટ વિઝાનો પણ સમાવેશ થાય છે. ટ્રમ્પ વહીવટીતંત્રે ગુનેગાર વિદેશીઓ સામે દેશનિકાલની કાર્યવાહી ચાલુ રાખવાની પણ જાહેરાત કરી હતી.સોમવારે અમેરિકાના વિદેશ વિભાગે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે અમે અમેરિકાને સુરક્ષિત રાખવા માટે આ ગુનેગારોને દેશનિકાલ કરવાનું ચાલુ રાખીશું. વિદેશ વિભાગે આશરે ૮,૦૦૦ સ્ટુન્ડ વિઝા અને ૨,૫૦૦ સ્પેશ્યલાઈઝ્ડ વિઝા સહિત આશરે ૧ લાખ વિઝા રદ કર્યા છે. આ વિઝા ધારકોને ગુનાહિત પ્રવૃત્તિ કરતાં તપાસ એજન્સીઓએ ઝડપી લીધાં હતાં.વિદેશ વિભાગના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે એક વર્ષથી ઓછા સમયમાં ટ્રમ્પ વહીવટીતંત્રે ૧૦૦,૦૦૦થી વધુ વિઝા રદ કર્યા છે. તેમાં હુમલો, ચોરી અને નશામાં વાહન ચલાવવા સહિતના ગુનાઓ માટે દોષિત હજારો વિદેશી નાગરિકોના રદ કરાયેલા વિઝાનો સમાવેશ થાય છે.૨૦૨૫માં રદ કરાયેલા વિઝાની સંખ્યા ૨૦૨૪ની સરખામણીમાં બમણી છે. બાઈડન સરકારના અંતિમ વર્ષ ૨૦૨૪માં ૪૦,૦૦૦ વિઝા રદ કરાયા હતા. ૨૦૨૫માં મોટાભાગે બિઝનેસ અને ટુરિસ્ટ વિઝા પર આવેલા અને મુદત કરતાં વધુ સમય અમેરિકામાં રહેલા લોકોના વિઝા રદ કરાયા હતા.આ ઉપરાંત ગુનાહિત પ્રવૃત્તિને કારણે ૮,૦૦૦ સ્ટુડન્ટ વિઝા અને ૨,૫૦૦ સ્પેશ્યલ વિઝા પણ રદ કરાયા હતાં. રદ કરાયેલા સ્પેશ્યલાઈઝ્ડ વિઝામાંથી અડધો અડધ વિઝા રદ થવાનું કારણ નશામાં ડ્રાઈવિંગ હતું. હુમલો, મારપીટ અથવા કેદના આરોપો માટે ૩૦% અને બાકીના ૨૦% ચોરી, બાળ શોષણ, માદક દ્રવ્યોના દુરુપયોગ અને વિતરણ જેવા ગુના માટે રદ કરાયા હતાં.





## ફિલ્મોમાં 30 વર્ષ પછી પણ રાની પોતાને ન્યુ કમર જ માને છે

# કેમેરા સામે આજે પણ હું એ જ ગભરાયેલી છોકરી છું : રાની

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૫:** ૧૯૯૭માં 'રાજા કી આયેગી બારાત'થી સિનેમાની દુનિયામાં પગલું મૂકનાર રાની મુખર્જીએ હવે પોતાની કારકિર્દીનાં



30 વર્ષ પૂર્ણ કર્યા છે. આ અવસરે યશ રાજ ફિલ્મ્સે ઈન્સ્ટાગ્રામ પર રાની દ્વારા લખાયેલ ભાવુક પોસ્ટ શેર કરી, જેમાં તેણે પોતાની યાત્રાની શરૂઆતથી લઈ આજ સુધીના અનુભવ શેર કર્યા છે. તેણે આ પોસ્ટમાં પોતાની નાની શરૂઆત, કામ અને પ્રેમ માટે દર્શકોનો આભાર અને આજે પણ તે કઈ રીતે કેમેરા સામે નર્વસ થઈ જાય છે. તે વિશે વાત કરી છે. રાનીએ લખ્યું કે ઈન્ડસ્ટ્રીમાં 30 વર્ષ વીત્યા એ તેને માનવામાં નથી આવતું, છતાં તેને આજે પણ વધુ કામ માટેની ભુખ અનુભવાય છે.રાનીએ લખ્યું, "ત્રીસ વર્ષ પહેલા હું કોઈ મોટું પ્લાનિંગ લઈને સેટ પર આવી નહોતી. મેં અભિનેત્રી બનવાનું સપનું જોયું નહોતું - સિનેમાએ મને શોધી લીધી. આજે પણ મારી અંદર એ જ ગભરાયેલી યુવતી જીવે છે, જે પહેલી વખત કેમેરા સામે ઊભી રહી હતી અને આશા રાખતી હતી કે ડાયલોગ ભૂલી ન જાઉં અને હું આ જગ્યા માટે જ બની છું."તેણે ઉમેર્યું કે તે ફિલ્મોમાં ઉત્સુકતા, ડર અને કહાણી પ્રત્યેના ઊંડા પ્રેમ સાથે આવી હતી. 'રાજા કી આયેગી બારાત'માં સ્ત્રીના ગૌરવ માટે લડતી યુવતીની ભૂમિકા ભજવવાથી તેને શીખ મળી કે સિનેમા ગ્લેમર કરતાં પહેલાં એક જવાબદારી છે.૧૯૯૦ના પાછળના વર્ષોને તેણે જાદુઈ સમય ગણાવ્યો, જ્યારે ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં 'સાથિયા'થી તેની કારકિર્દીમાં વળાંક લાવ્યો. 'હમ તુમ' જેવી ફિલ્મોએ તેને સમજાવ્યું કે સ્ત્રી પાત્રો મજાક મસ્તીભર્યા, તીખા અને સંવેદનશીલ - બધું એક સાથે હોઈ શકે છે. 'બ્લેક' વિશે રાનીએ કહ્યું કે સંજય લીલા ભણસાલી અને અમિતાભ બચ્ચન સાથે કામ કરવાથી તે પોતાની અંદર અજાણી ક્ષમતાઓ શોધી શકી. તેણે લખ્યું, "આજેય બ્લેક મારા જીવનનો સૌથી ભાવનાત્મક અનુભવ છે." તેણે 'બંટી ઔર બબલી', 'નો વન કિલ્ડ જેસિકા' જેવી ફિલ્મોનાં પાત્રોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે દુનિયાને પડકારતી સ્ત્રીઓ તરફ તે હંમેશા આકર્ષાય છે અને 'મર્દાની' ફ્રેન્ચાઈઝી તેના દિલની ખૂબ નજીક છે. લગ્ન અને માતૃત્વ વિશે વાત કરતાં રાનીએ લખ્યું કે આ અનુભવોએ તેની ગતિને અસર નથી કરી, પરંતુ વધુ ફોકસ બનાવી છે. 'મિસિસ ચટર્જી વર્સેસ નોર્વે' માટે મળેલા નેશનલ એવોર્ડ અંગે તેણે કહ્યું કે માતા બન્યા પછી આ ભૂમિકા ભજવવી તેમના માટે જીવન બદલનારો અનુભવ રહ્યો. પોતાની 30 વર્ષની યાત્રા અંગે રાની કહે છે, "દીર્ઘકાલિન સફળતા હંમેશા પ્રસ્તુત રહેવામાં નથી, પરંતુ ઈમાનદાર રહેવામાં છે. મેં હંમેશા દિલની વાત સાંભળી છે." અંતમાં ચાહકોનો આભાર માનતાં તેમણે લખ્યું, "આજે પણ હું પોતાને નવોદિત કલાકાર સમાન માનું છું - વધુ મહેનત કરવા, નવા પડકાર સ્વીકારવા અને જીવનનો નવો અધ્યાય શરૂ કરવા આતુર છું."

# દિશા પટણી અને પંજાબી સિંગર તલવિન્દર ડેટ કરી રહ્યાં હોવાની ચર્ચા





(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૫**

દિશા પટાણી હવે પંજાબી સિંગર તલવિંદર સાથે ડેટિંગ કરી રહી હોવાની ચર્ચા છે. તાજેતરમાં ક્રિતી સેનનની બહેન નુપૂરનાં લગ્ન ઉદયપુરમાં યોજાયાં હતાં. તે દરમિયાન દિશા અને તલવિંદર હાથમાં હાથ પરોવીને સાથે ફરતાં દેખાયાં હતાં. બંને વચ્ચેની નિકટતા જોતાં તેઓ ડેટિંગ કરી રહ્યાં હોવાનું અનુમાન ચાહકો વ્યક્ત કરી રહ્યા છે. તલવિંદર હંમેશાં ફેસ પેઈન્ટ સાથે જ દેખા દેવા માટે જાણીતો છે. તેનો પેઈન્ટ વિનાનો નોર્મલ ફેસ ભાગ્યે જ કોઈએ જોયો છે. તેનાં અનેક આલ્બમ રીલિઝ થઈ ચૂક્યાં છે અને નવી પેઢીના પંજાબી ગાયકોમાં તે ઝડપથી લોકપ્રિય બન્યો છે. ઉલ્લેખનીય છે કે દિશા પટાણી અને ટાઈગર શ્રોફ વચ્ચે વર્ષો સુધી ડેટિંગ ચાલ્યું હતું. જોકે, દિશા લગ્ન માટે ઉતાવળ કરતી હતી અને ટાઈગર તે માટે તૈયાર ન હતો તેથી બંને વચ્ચે બ્રેક અપ થઈ ગયું હતું.

# આજે લોકો પોતાને આગળ વધારવા જેટલો ખર્ચ બીજાને નીચે પાડવા માટે કરે છે: તાપસી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૫:** તાપસી પન્નુ એક મલ્ટી ટેલેન્ટેડ એક્ટ્રેસ છે, જેણે હિન્દી ફિલ્મ ઈસ્ટ્રીમાં કામની શરૂઆત કરી ત્યારથી આજ સુધી સફળ સફર ખેડી છે. ૨૦૧૩માં તેણે ડેવિડ ધવનના ચશ્મે બદ્દુર સાથે ડેબ્યુ કર્યુ હતું. ત્યાર પછી તેણે ઘણા વૈવિધ્યવાળાં રોલ કર્યા છે. જેમાં તેના અભિનયના ઘણા વખાણ થયા છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં તાપસી પન્નુએ ઈન્સ્ટ્રીમાં ફેમ અને PRની અંધારી બાજુ પર ખુલ્લીને વાત કરી છે. તેને પૂછવામાં આવ્યું કે આજકાલના PRગેમ્સ તેમને પરેશાન કરે છે કે નહીં, ત્યારે તાપસીએ



બિલકુલ બેબાક જવાબ આપ્યો.તેણે કહ્યું, "છેલ્લા દોઢ વર્ષથી મેં આ બધું ખાસ નોંધવાનું શરૂ કર્યું છે. એ પહેલાં હું મારી પોતાની ફિલ્મોમાં એટલી વ્યસ્ત હતી કે આસપાસ શું ચાલી રહ્યું છે તે જોવાની ફુરસદ નહોતી. હવે જ્યારે મેં ઈરાદાપૂર્વક થોડો બ્રેક લીધો છે, ત્યારે મેં ધ્યાન આપ્યું કે PRનો ખેલ હવે બિલકુલ અલગ લેવલ પર પહોંચી ગયો છે. પહેલાં લોકો પૈસા આપી પોતાને આગળ વધારતાં હતાં - એ PRનો એક સ્વરૂપ હતું. હવે લોકો બીજાને નીચે પાડવા માટે પણ પૈસા ચૂકવે છે. કોઈની સફળતા બીજાની નિષ્ફળતા પર ક્યારે નિર્ભર થવા લાગી?"તાપસીએ વધુમાં કહ્યું કે આજકાલ ઘણા કલાકારો પોતાની "રિલેવન્સ" જાળવી રાખવા માટે ખોટી છબી ઈમેજ કરે છે અને જે ઈમેજ તેઓ બનાવે છે તે તેમની ફિલ્મોગ્રાફી સાથે મેળ ખાતી નથી. તેણે રાજકારણ અને ફેમિનિઝમ વિશે પણ વાત કરતાં કહ્યું કે આ બંનેને ઘણી વખત ખોટી રીતે રજૂ કરવામાં આવે છે અને લોકો તેના અર્થ વિશે ઘણી ગેરસમજ કરે છે.તાપસી કહે છે કે તે એવી ફિલ્મો કરવા માંગે છે જે વર્ષો સુધી યાદ રહે, જે સમયની કસોટી પર ખરી ઉતરે — માત્ર આજના ટ્રેન્ડ્સ માટે નહીં. જો તાપસીની ફિલ્મોની વાત કરવામાં આવે તો, તાપસી છેલ્લે 'ફિર આઈ હસીન દિલરૂબા'માં જોવા મળી હતી. હવે તે જલ્દી જ પોલીસ ઓફિસરની ભૂમિકામાં 'વોહ લડકી હૈ કહાં'માં જોવા મળશે. આ ઉપરાંત તે ભરત નીલાકાંતનની સાઈ-ફાઈ ફિલ્મ 'એલિયન'માં પણ કામ કરી રહી છે.

# હેમા માલિનીએ ધર્મેન્દ્રની 'ઈક્કીસ' જોઈ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૫:** ધર્મેન્દ્રના નિધન પછી હેમામાલિની અને દેઓલ પરિવાર વચ્ચે છત્રીસનો આંકડો ઓર વધુ મજબૂત બનેલો છે. દિવંગત અભિનેતા ધર્મેન્દ્રની પ્રાર્થનાઓ સની અને બોબી સહિતના દેઓલ પરિવારે અને હેમા માલિનીએ અલગ અલગ રીતે યોજી હતી, જેને પગલે તેની ચર્ચાઓ પણ ઘણી થઈ હતી. હવે ધર્મેન્દ્રની તેની દીકરીઓ સાથે વિવિધ સ્થળોએ તેમના સ્વર્ગસ્થ પતિ માટે પ્રાર્થના સભાઓનું આયોજન કર્યુ હતું, જેના કારણે મહત્વપૂર્ણ પ્રશ્નો ઉભા થયા હતા. આ વિવાદ હજુ લોકોની ચર્ચામાં છે, ત્યાં ધર્મેન્દ્રની છેલ્લી ફિલ્મ 'ઈક્કીસ' ની રજૂઆતનો મુદ્દો ઉપસ્થિત થયો છે. તેમાં નવી એક વાત બહાર આવી છે કે તેને માટે હેમા માલિમીએ ખુલાસો કર્યો કે તેણે હજુ સુધી ધર્મેન્દ્રની છેલ્લી ફિલ્મ 'ઈક્કીસ' જોઈ નથી. તેણીએ કહ્યું, "જ્યારે તે રિલીઝ થઈ ત્યારે હું મથુરા આવી હતી. મારે અહીં થોડું કામ કરવાનું છે. હું અત્યારે ફિલ્મ જોઈ પણ શકતી નથી કારણ કે તે મારા માટે ખૂબ જ ભાવનાત્મક ક્ષણ હશે. મારી દીકરીઓ પણ એવું જ કહી રહી છે. કદાચ હું ઘા







રૂઝાઈ જશે ત્યારે તે જોઈશ."વળી તાજેતરમાં હેમા માલિનીએ એક ઈન્ટરવ્યૂમાં સન્ની દેઓલ અને બોબી દેઓલ સાથેના તેના સંબંધો વિશે વાત કરી છે. જેમાં તેણે કહ્યું છે કે "સની ગમે તે કરે, તે મને બધું જ કહે છે. અમારા સંબંધો હંમેશા ખૂબ સારા અને સૌહાર્દપૂર્ણ રહ્યા છે. આજે પણ તે ખૂબ જ સારા છે. મને ખબર નથી કે લોકો કેમ વિચારે છે કે અમારી વચ્ચે કંઈક ખોટું છે. કારણ કે તેઓ ગપસપ કરવા માંગે છે."બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રનું ૨૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ અવસાન થયું. ત્યારથી, બધાનું ધ્યાન તેમની બંને પત્નીઓ અને બાળકો વચ્ચેના સંબંધો પર કેન્દ્રિત થયું છે. સન્ની દેઓલ અને હેમા માલિનીએ તેમના પરિવારો સાથે અલગ અંતિમ સંસ્કાર કર્યા, આ કારણ અભિનેત્રીએ એક મુલાકાતમાં સમજાવ્યું. હવે, તેણે તેના સાવકા દીકરાઓ સાથેના તેના સંબંધો વિશે વાત કરી છે અને સમજાવ્યું છે કે તે લોકોને સ્પષ્ટતા આપતી નથી.સની દેઓલ સાથેના સંબંધ વિષે હેમા માલિમીનીને વધુ પૂછવામાં આવતાં હેમાએ આગળ કહ્યું હતું કે "મારે તેમને શા માટે જવાબ આપવો જોઈએ? શું મારે તેમને સમજૂતી આપવાની જરૂર છે? મારે શા માટે? તે મારું જીવન છે. મારું અંગત જીવન. આપણું અંગત જીવન. અમે ખરેખર ખુશ છીએ અને એકબીજાની ખૂબ નજીક છીએ. બસ. હું તેના વિશે વધુ કંઈ કહેવા માંગતી નથી. મને ખબર નથી કે લોકો કઈ વાર્તાઓ બનાવી રહ્યા છે. મને ખરાબ લાગે છે કે લોકો લેખ લખવા માટે બીજાના દુઃખનો ઉપયોગ કરે છે. તેથી જ હું જવાબ આપતી નથી."

# વૃદ્ધાવસ્થાની એકલતાથી ચિંતિત વૃદ્ધાને સાવકા દિકરાએ સાથે રાખવા સંમત કરાવતી વલસાડ અભયમ ટીમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૫**

વલસાડ પાસે ગામમાંથી એક ત્રાહિત વ્યક્તિએ ૧૮૧ મહિલા હેલ્પલાઇનમાં કોલ કરી જણાવ્યું હતું કે, એક ૭૫ વર્ષના વૃદ્ધા એકલાં છે અને તેમની માનસીક સ્થિતિ સારી નથી. તેઓ અવાર નવાર ઘરેથી નિકળી જાય છે. તેથી તેમને મદદ કરવા અનુરોધ કરતા અભયમ ટીમ વલસાડે તેમના સાવકા દિકરાને અસરકારક વાતચીત કરી વૃદ્ધ માજીની કાળજી લેવા સંમત કર્યાં હતાં જેથી સોસાયટીના રહીશોએ અભયમની કામગીરી બિરદાવી હતી.

માહિતી મુજબ પતિના મૃત્યુ બાદ વૃદ્ધા એકલાં રહેતાં હતાં અને પતિનું જે પેન્શન આવે તેમાંથી જીવન ગુજારતા હતાં. પરંતુ વધતી ઉંમરની સાથે વૃદ્ધાવસ્થામાં એકલતા લાગે છે અને ચિંતિત હતાં કે આગળ હું એકલી કેવી રીતે રહી શકીશ. બીમારીમાં મારી કોણ કાળજી રાખશે આવી ચિંતામાં તેઓએ માનસીક સંતુલન ગુમાવ્યું અને વારંવાર ઘરેથી નીકળી જતાં હતા. તેથી સોસાયટીના રહીશો તેમને સમજાવી પાછા ઘેર લાવતા પરતુ તેઓની માનસિક સ્થિતિ વધુ બગડતા અભયમને મદદ માટે જાણ કરી હતી.

અભયમે સોસાયટીના રહીશોની મદદથી વૃદ્ધાના સાવકા દીકરાનો સંપર્ક કરી તેમનું અસરકારક કાઉન્સિલિંગ દ્વારા તેમને જણાવાયું હતું કે, આવી અવસ્થામાં તમારે વૃદ્ધાની કાળજી લેવી જોઈએ. દીકરાને સંમત કરાવતા વૃદ્ધાને તેમનો સાવકો દીકરો પોતના ઘરે સાથે રહેવા લઇ ગયા હતા.

# મકરસંક્રાંતિના પર્વ પર વાપી 'મુસ્કાન એનજીઓ' દ્વારા સેવાનો ત્રિવેણી સંગમ: જરૂરિયાતમંદોને સહાય અને વૃદ્ધો સાથે ઉજવણી





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૧૫:** દાન-પુણ્યના મહાપર્વ મકર સંક્રાંતિ નિમિત્તે શહેરની જાણીતી સામાજિક સંસ્થા 'મુસ્કાન એનજીઓ' દ્વારા છેલ્લા ત્રણ દિવસથી વિવિધ સેવાકીય કાર્યો કરીને માનવતા મહેકાવવામાં આવી હતી. સંસ્થા દ્વારા વૃદ્ધાશ્રમોમાં વસતા વડીલો સાથે ઉત્તરાયણની ઉજવણી કરવાથી લઈને રસ્તા પર રહેતા જરૂરિયાતમંદોને ઠંડીમાં રાહત મળે તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા.

**વડીલો સાથે ઉત્સાહભેર ઉજવણી :** સેવાકીય પ્રવૃત્તિઓના ભાગરૂપે 'માનવ સેવા વૃદ્ધાશ્રમ' ખાતે વડીલોને બેસવા માટે આરામદાયક ખુરશીઓ અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત, 'આધાર ટ્રસ્ટ વૃદ્ધાશ્રમ' અને 'સહયોગ માનવ મંદિર' ખાતે સતત બે દિવસ સુધી વિશેષ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં વડીલો સાથે પતંગબાજી, ગરબા અને વિવિધ રમતો રમીને તેમના ચહેરા પર સ્મિત લાવવાનો પ્રયાસ કરાયો હતો. આ તમામ આશ્રમોમાં વડીલોને પૌષ્ટિક ભોજન પણ કરાવવામાં આવ્યું હતું. જરૂરિયાતમંદોને રાશન અને ધાબળાનું વિતરણ માત્ર આશ્રમો જ નહીં, પરંતુ સંસ્થાના કાર્યકરોએ શહેરના ફૂટપાથ અને સડક કિનારે વસતા નિરાધાર પરિવારોની મુલાકાત લીધી હતી. કડકડતી ઠંડીને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા ધાબળા (કંબલ), રાશન કીટ તેમજ તલના લાડુ જેવી સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ત્રણ દિવસીય સેવા યજ્ઞને સફળ બનાવવા માટે અનેક સેવાભાવી દાતાઓએ ઉદાર હાથે ફાળો આપ્યો હતો. 'મુસ્કાન ટીમ' ના સભ્યોએ તમામ દાતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, લોકસહયોગ અને સેવાના ભાવને કારણે જ સેંકડો ચહેરાઓ પર ખુશી લાવી શકાઈ છે.

# વલસાડના રાબડા સ્થિત 'માઁ વિશ્વંભરી તીર્થયાત્રા ધામ' ખાતે મકરસંક્રાંતિ પર્વે ભવ્ય ગૌપૂજન : ગૌસંવેદના અને ગૌચેતના જાગૃતિ અભિયાન



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૫**

ભારતીય સંસ્કૃતિમાં દાન અને પુણ્યના પર્વ સમાન મકરસંક્રાંતિ નિમિત્તે વલસાડના રાબડા ગામે આવેલ 'માઁ વિશ્વંભરી તીર્થયાત્રા ધામ' ખાતે ગૌસંવેદના અને ગૌચેતના જાગૃતિ અભિયાન અંતર્ગત વિશેષ ગૌપૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધામના સ્થાપક શ્રી મહાપાત્રના માર્ગદર્શન હેઠળ અહીં આવેલી 'વૈકુંઠ ધામ' ગૌશાળામાં ગીર ગાયોના સાંનિધ્યમાં યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક માનવીમાં ગૌ ઉપાસના અને ગૌ માતા પ્રત્યેની સંવેદના જાગૃત કરવાનો હતો.

મકરસંક્રાંતિના પાવન અવસરે યોજાયેલા આ કાર્યક્રમમાં શ્રી મહાપાત્રના સાંનિધ્યમાં ધરમપુરના લોકલાડીલા ધારાસભ્યશ્રી તથા ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી અરવિંદભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં ભક્તોએ ઉત્સાહભેર જોડાઈને મહાયજ્ઞ તથા ગૌપૂજનનો લાભ લીધો હતો. આ પવિત્ર દિવસે ઉપસ્થિત સૌ કોઈએ ગાયોને પોતાના હસ્તે લીલો ઘાસચારો, ખોળ, દાણ, ગોળ અને લાડુ ખવડાવીને ગૌસેવાનો વિશેષ લાભ લીધો હતો અને ધન્યતા અનુભવી હતી.

ભારતીય ધર્મગ્રંથોમાં ગાયને પૃથ્વી પરનો શ્રેષ્ઠ દૈવી જીવ માનવામાં આવે છે. ગાયમાતા ભારતીય સંસ્કૃતિનું ગૌરવવતું પ્રતીક છે અને માનવજાતને માતા જેવો નિસ્વાર્થ સ્નેહ આપે છે. ખાસ કરીને ગીર ગાય કે દેશી ગાયની ખુંધ પર આવેલી 'સૂર્યકેતુ નાડી' સૂર્યના કિરણોમાંથી પોષકતત્વો ગ્રહણ કરી સુવર્ણ ક્ષાર ઉત્પન્ન કરે છે. ગાયના દૂધમાં રહેલા ખનીજ, ક્ષારો અને રોગપ્રતિકારક શક્તિવર્ધક તત્વો માનવ સ્વાસ્થ્ય અને બૌદ્ધિક વિકાસ માટે સર્વશ્રેષ્ઠ છે.

પરંતુ વર્તમાન સમયની કઠોર વાસ્તવિક્તા એ છે કે જે માતા આપણને પોષે છે, આજે તેની જ ઘોર ઉપેક્ષા થઈ રહી છે. રસ્તા પર રઝળતી, ભૂખી અને લાચાર ગાયોને જોઈને સંવેદનશીલ હદય દ્રવી ઉઠે છે. આ દ્રશ્યો આપણા સમાજ માટે ચિંતાજનક છે.

હવે સમય પાકી ગયો છે કે પ્રત્યેક મનુષ્ય જાગૃત થાય. ગાયમાતાના રક્ષણ, પાલન-પોષણ અને સંવર્ધન માટે નિષ્ઠાપૂર્વક આગળ આવવું એ મનુષ્યની નૈતિક ફરજ છે. ગૌસેવાએ માત્ર પુણ્યનું કાર્ય નથી, પરંતુ મનુષ્યના અસ્તિત્વ પરના ઋણને ચૂકવવાનો શ્રેષ્ઠ માર્ગ છે. જ્યારે મનુષ્ય નિસ્વાર્થ ભાવે ગૌમાતાની સેવા કરશે, તો તે અવશ્ય 'ઋણમુક્ત' બની શકશે અને ગાયમાતા રસ્તે રઝળતી બંધ થશે. ગૌપૂજનના આ કાર્યક્રમ દ્વારા માં વિશ્વંભરી તીર્થયાત્રા ધામે સમાજમાં એક સકારાત્મક સંદેશો વહેતો કર્યો છે.

# અમરેલીમાં કડકડતી ઠંડી, ૧૨ વર્ષનો રેકોર્ડ તૂટ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમરેલી, તા.૧૫**

ગુજરાતમાં શિયાળાની ઋતુ તેના પૂરબહારમાં ખીલી છે, ત્યારે સૌરાષ્ટ્રના અમરેલી શહેરમાં ઠંડીએ છેલ્લા ૧૨ વર્ષના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. જાન્યુઆરી ૨૦૨૬માં અમરેલી રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું છે, જ્યાં લઘુત્તમ તાપમાનનો પારો ગગડીને ૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો છે.

હવામાન વિભાગના આંકડા મુજબ, વર્ષ ૨૦૧૪ પછી જાન્યુઆરી માસમાં ક્યારેય આટલી નીચી સપાટીએ તાપમાન ગયું નથી. અગાઉ ૬ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ અમરેલીમાં ૫.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ત્યારબાદ આ વર્ષે નોંધાયેલું ૬ ડિગ્રી તાપમાન દાયકાની સૌથી વધુ ઠંડી દર્શાવે છે. તીવ્ર ઠંડી અને શીતલહેરના કારણે જનજીવન પર વ્યાપક અસર જોવા મળી રહી છે. વહેલી સવારથી જ રસ્તાઓ સૂમસામ ભાસે છે અને લોકો ઠંડીથી બચવા માટે તાપણાં અને ગરમ વસ્ત્રોનો સહારો લઈ રહ્યા છે. પવનની ગતિમાં થયેલા વધારાને કારણે ચિલ્ડ ફેક્ટરની અસર અનુભવાઈ રહી છે, જેનાથી ઠંડીની તીવ્રતા વધુ આકરી લાગી રહી છે.

# દીવ ઘોઘલા સેવા સહકારી મંડળીના નવા હોદેદારો અને કારોબારી કમિટીની નિયુક્તિ કરાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૫**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના ઘોઘલા રામ મંદિર હોલ ખાતે ઘોઘલા સેવા સરકારી મંડળીની સાધારણ સભાનું આયોજન દીવ નગર પાલિકા ઉપપ્રમુખ શ્રીમતી કરૂણાબેન રવિન્દ્ર સોલંકીની અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

ઘોઘલા સહકારી મંડળીની દર ત્રણ વર્ષે કારોબારી કમિટી, પ્રેસિડેન્ટની નવી નિયુક્તિ કરવામાં આવે છે ગત વર્ષે ૨૦૨૬ દીવ નગર પાલિકા ઉપપ્રમુખ શ્રીમતી કરૂણાબેનના અધ્યક્ષ સ્થાને ૯ સભ્ય, એક પ્રેસિડેન્ટ અને એક મંત્રીની નિયુક્તિ કરવામાં આવી, સાથે સાથે ૩ વર્ષની આવક જાવક અને બચતનો હિસાબ કિતાબ વાંચીને સંભળાવવામાં આવ્યો,મંડળીના બંધારણના નિયમ અનુસાર ત્રણ વર્ષ બાદ નવી કમિટીની નિયુક્તિ કરવામાં આવે છે જેને લઈને સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જુના કમિટી મેમ્બરોની જગ્યાએ નવા મેમ્બરોની પસંદગી કરવામા આવી હતી. જેમાં પ્રમુખ તરીકે હીરા લક્ષ્મીબેન, ઉપપ્રમુખ શ્રી કાંતિભાઈ કારોબારીના સભ્યો જસવંત વી.મોડાસિયા, શ્રી રસિકભાઈ હડમત બારીયા, શ્રી મીનાક્ષીબેન શામજી, શ્રી હસમુખભાઈ બામણીયા, શ્રી ભીમજીભાઈ મોગરી તેમનો સમયગાળો પૂર્ણ થઇ ગયેલ મંડળીના બંધારણના નિયમને આધીન રહી સાધારણ સભામાં નવા સદસ્યોની પસંદગી કરવી,.

આ કમીટીએ ગતવર્ષના ગાળામાં વાર્ષિક અહેવાલ શ્રી જસવંતભાઈ વી. મોડાસિયાએ સાધારણ સભામાં રજૂ કરેલ નવા સભ્યોની યાદીમાં હિરાલક્ષ્મીબેન, મીનાક્ષીબેન શામજી, કાંતિભાઈ, જસવંત વી. મોડાસિયા, શાશિકાન્તભાઈ, રસિકભાઈ, રમેશભાઈ વિરાભાઈ, ભીમજીભાઈ જેઠા કાગડા, અશોકભાઈ વિરાભાઈ, રવિન્દ્રભાઈ દેવજી, નવા સભ્યોની પસંદગી કરવામાં આવી હતી.

# કચ્છ સીમા પર કોસ્ટ ગાર્ડ દ્વારા મોટું ઓપરેશન કરાયું: ૯ પાકિસ્તાનીઓ સાથે એક બોટ જપ્ત



(સંપૂર્ણ સમાચાર સેવા)
**કચ્છ, તા.૧૫**

ભારતની પશ્ચિમ દરિયાઈ સરહદ પર સુરક્ષા એજન્સીઓએ ઘૂસણખોરીનો મોટો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો છે. કચ્છના દરિયામાં આંતરરાષ્ટ્રીય જળ સીમા (IMBL) નજીક પેટ્રોલિંગ કરી રહેલા ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (ICG) એ એક શંકાસ્પદ પાકિસ્તાની બોટને ઝડપી પાડી છે. આ બોટમાં સવાર ૯ પાકિસ્તાની નાગરિકોની અટકાયત કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, કોસ્ટ ગાર્ડના જવાનો જ્યારે દરિયામાં રૂટિન પેટ્રોલિંગ પર હતા, ત્યારે તેમને એક બોટ ભારતીય જળ સીમામાં પ્રવેશતી જણાઈ હતી. સુરક્ષાકર્મીઓએ તુરંત એક્શનમાં આવી બોટને ઘેરી લીધી હતી અને તેમાં સવાર તમામ ૯ શખ્સોને રાઉન્ડઅપ કર્યા હતા. હાલ આ બોટને જપ્ત કરીને કિનારે લાવવામાં આવી છે. ઝડપાયેલા પાકિસ્તાનીઓ માછીમારીના બહાને ભારતીય સીમામાં પ્રવેશ્યા હતા કે પછી તેમનો ઈરાદો કોઈ અન્ય નાપાક પ્રવૃત્તિનો હતો, તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓ દ્વારા બોટની તપાસ ઉપરાંત ઝડપાયેલા તમામ લોકોની પુછપરછ શરૂ કરવામાં આવી છે. ચિંતાની વાત એ છે કે બરોબર એક મહિના પહેલા, એટલે કે ૧૩ ડિસેમ્બરે પણ આવી જ રીતે એક પાકિસ્તાની બોટ ઝડપાઈ હતી. ફરી એકવાર આ પ્રકારની ઘટના બનતા દરિયાઈ પટ્ટી પર સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવી દેવામાં આવી છે.

ઝડપાયેલા તમામ નવ પાકિસ્તાનીઓને દરિયાકાંઠે લાવ્યા બાદ, ઈન્ટેલિજન્સ બ્યુરો (IB), મરીન પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ દ્વારા તેમની સંયુક્ત પૂછપરછ કરવામાં આવી રહી છે. કચ્છના દરિયામાં સુરક્ષા એજન્સીઓ અત્યારે હાઈ એલર્ટ પર છે અને સર્ચ ઓપરેશન ચાલુ રાખવામાં આવ્યું છે.

**તપાસના મુખ્ય બિંદુઓ**

હાલ ઈન્ટેલિજન્સ બ્યુરો (IB), મરીન પોલીસ અને કોસ્ટ ગાર્ડ દ્વારા સંયુક્ત પૂછપરછ ચાલી રહી છે:

શું આ લોકો માત્ર માછીમારી માટે આવ્યા હતા કે કોઈ જાસૂસીનો ઈરાદો હતો?

બોટમાંથી કોઈ નશીલા પદાર્થો કે હથિયારો મળી આવ્યા છે કે કેમ?

સરહદ પર સુરક્ષામાં કોઈ ખામી છે કે કેમ તેની પણ ઝીણવટભરી તપાસ.

ગુજરાન ભથ્થાં કેસમાં હાઈકોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

# પતિની કમાણી પર ૨૫% પત્નીનો કાયદેસરનો હક

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અલ્લાહાબાદ, તા.૧૫**

અલ્લાહાબાદ હાઈકોર્ટે પત્નીના હિતમાં મોટો ચુકાદો આપતા જણાવ્યું છે કે, પત્નીને તેના પતિની કુલ કમાણીના ૨૫% સુધીની રકમ ભરણપોષણ (ગુજારા ભથ્થા) તરીકે મેળવવાનો કાયદેસરનો અધિકાર છે. જસ્ટિસ મદન પાલ સિંહે સુરેશ ચંદ્ર નામના વ્યક્તિની અરજી ફગાવી દેતા આ આદેશ આપ્યો હતો. ઉત્તરપ્રદેશના શાહજહાંપુરની ફેમિલી કોર્ટે પત્નીનું ભરણપોષણ ભથ્થું ૫૦૦ રૂપિયાથી વધારીને ૩,૦૦૦ રૂપિયા કર્યું હતું, જેને પતિએ હાઈકોર્ટમાં પડકાર્યું હતું. પતિએ કોર્ટમાં એવી દલીલ કરી હતી કે તે પોતે એક મજૂર છે અને તેની આવક ઘણી ઓછી છે, તેથી ભરણપોષણની રકમમાં વધારો કરવો અયોગ્ય છે. જોકે, હાઈકોર્ટે આ દલીલને નકારી કાઢતા જણાવ્યું હતું કે, જો પતિ મજૂરી કરતો હોય તો પણ તે દિવસના આશરે ૬૦૦ રૂપિયા લેખે મહિનાના ૧૮,૦૦૦ રૂપિયા તો કમાતો જ હોય. આ સંજોગોમાં પત્નીને અપાતા ૩,૦૦૦ રૂપિયા કોઈ પણ રીતે વધારે ન ગણાય. કોર્ટે સ્પષ્ટ કર્યું કે વધતી જતી મોંઘવારીના જમાનામાં આ રકમ પતિની આવકની મર્યાદામાં જ છે. અલ્લાહાબાદ હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓનો હવાલો આપીને નોંધ્યું હતું કે, પત્નીનું ભરણપોષણ કરવું એ પતિની કાયદેસરની સાથે સાથે નૈતિક જવાબદારી પણ છે. જો પત્ની પોતાનું ગુજરાન ચલાવવામાં અસમર્થ હોય, તો પતિ તેની જવાબદારીમાંથી છટકી શકે નહીં. કોર્ટે પત્નીના ભરણપોષણની રકમમાં વધારો કરવાના નીચલી અદાલતના નિર્ણયને યોગ્ય ગણાવ્યો હતો અને પતિની પુનરીક્ષણ અરજીને ફગાવી દીધી હતી.

# યુએસ નેવીનું એરક્રાફ્ટ કેરિયર અબ્રાહમ લિંકન ઈરાન તરફ રવાના, મિડલ ઈસ્ટમાં યુદ્ધના ભણકારા!

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઈરાન, તા.૧૫**

ઈરાનમાં બગડતી પરિસ્થિતિને કારણે અમેરિકા સાથેનો તણાવ સતત વધી રહ્યો છે. આ કારણે મધ્ય પૂર્વ (મિડલ ઈસ્ટ) માં ફરી એકવાર યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. અમેરિકાએ પણ પોતાના એરક્રાફ્ટ કેરિયરને મધ્ય પૂર્વ તરફ રવાના કરી દીધું છે. બીજી તરફ, ઈરાને પોતાનું એરસ્પેસ બંધ કરી દેતા વિશ્વભરના લોકો માટે વિમાની મુસાફરીમાં મુશ્કેલીઓ ઊભી થઈ છે. ઈરાનમાં ઘેરાયેલા આર્થિક અને રાજકીય સંકટ વચ્ચે એક મોટા સમાચાર સામે આવ્યા છે. ઈરાનમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને ઈરાને પોતાનું એરસ્પેસ (હવાઈ ક્ષેત્ર) પણ બંધ કરી દીધું છે. આ દરમિયાન, અમેરિકાનું એરક્રાફ્ટ કેરિયર 'અબ્રાહમ લિંકન' મધ્ય પૂર્વ તરફ રવાના થઈ ગયું છે, જેના કારણે આ વિસ્તારમાં યુદ્ધના વાદળો છવાયા છે. અબ્રાહમ લિંકન કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ દક્ષિણ ચીન સાગરના માર્ગે મધ્ય પૂર્વ તરફ આગળ વધી રહ્યું છે, જેને પગલે ઈરાનમાં સ્થિતિ વધુ સંવેદનશીલ બની ગઈ છે.


**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM NANGRALE NAVNATH ANKUSH TO **NAVNATH NANGRALE** AS PER DOCUMENT

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM ISMAIL KASAM MUJAVAR TO **ISMAIL CASSAMO** AS PER DOCUMENTS

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM OLD NAME : ISMAIL KASAM MUJAVAR TO **NEW NAME : ISMAIL CASSAMO** RESIDENT OF H.NO. 95/1, BUNDER CHOWK, CHHIPAWADA, DIU - 362520.

**UT ADMINISTRATION OF DADRA AND NAGAR HAVELI AND DAMAN AND DIU**

For more details please scan QR code or visit www.ddd.gov.in

**Department of Law and Justice, DNH&DD, Dama**

No LAW/DNHDD/Appoint-STC/DGP-AGP-APP/2026/32 Dated. 15/01/2026

**CORRIGENDUM**

The UT Administration of Dadra and Nagar Haveli and Daman and Diu is issuing a corrigendum in partial modification of this office Advertisement No.LAW/DNHDD/Appoint- STC/DGP-AGP-APP/2026/19 Dated: 06/01/2026

No. LAW/DNHDD/Appoint-STC/DGP-AGP-APP/2026/33 Dated: 15/01/2026

-sd-
Law Secretary,
DNH&DD, Daman

**No. IP/DMN/2/5/2025-26/1084**
**Dated: 15/01/2026**

**NIRMALA MATA HIGH SCHOOL - DIU**

Near Museum, Firangiwada – Diu – 362520 (Contact No. 06353102522)

**ADVERTISEMENT**

**NMHS/RECRUIT/2025-26/110** **DATE : 13/01/2026**

Applications are invited for appointment by direct recruitment for the Post of LDC-cum-Librarian (Group C Level -non -Gazetted) on regular basis in Nirmala Mata High School, Diu.

| Name of the Post &Pay Scale | No. of Post |
|---|---|
| LDC-cum-Librarian (Group C Level -non -Gazetted) Direct Recruitment Pay Matrix Level -2 in the (Rs. 19,900 to 63,200) | 01 (ONE) |

Application form and other details are available on given web sites – www.nirmalamataschooldiu.com, www.daman.nic.in, www.dnh.gov.in & www.diu.gov.in

**No. IP/DMN/2/5/2025-26/1083**
**Dated: 15/01/2026**

Sd/-
Manager,
Nirmala Mata High School-Diu


વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**






# વાપી ડુંગરા હરિયાપાર્કના એક ફલેટમાં નકલી નોટો બનવાનો કારભાર ઝડપાયો: મહિલા સાથે બે ઝડપાયા

## ૧૨૧૫ કાગળો પર છપાયેલ રૂ.૫૦૦ની ૨૪.૩૦ લાખની નકલી નોટો જપ્ત




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી તા.૧૫**

વાપી ડુંગરામાં આવેલ હરિયા પાર્ક સ્થિત એક ફલેટમાં નકલી ચલણી નોટ છાપવાનું એલ.સી.બી. નેટવર્ક ઝડપી પાડી એક મહિલા સહિત બે આરોપીની ધરપકડ કરી હતી. કાર્યવાહી દરમિયાન ફલેટમાંથી પોલીસે નકલી નોટ છાપવા ઉપકરણ સાથે ૨૪.૫૦ની નકલી નોટ જપ્ત કરી હતી. ઘટના સ્થળથી ઝડપાયેલ આરોપી સંજય સોમનાથ પવાર અને પરિચિત મળી છાયાબેન મંડલની મુલાકાત થઇ હતી તેમણે એક ફલેટ ઉપલબ્ધ કરાવ્યો હતો. ફલેટમાં છાપકામના ઉપકરણોની વ્યવસ્થા કરાઈ હતી.

૩૦ લાખ સામે ૮૦ લાખની નકલી નોટ આપવાનો સોદો કર્યો હતો. આરોપીઓની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો. પોલીસે ૧૨૧૫ કાગળ ૨૪.૩૦ લાખની નકલી નોટ તથા બે મોબાઈલ એક કલર પ્રિન્ટર કટર સોલ્ડર બેગ રંગીન શાહી વગેરેનો ૧૭.૬૮૦ રૂપિયાનો મુદ્દામાલ પોલીસે જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# વસુધારા ડેરીમાં ભાજપના મેન્ડેટના રાજકારણ સામે ડેરીના સભાસદો અને પશુપાલકોમાં ઉગ્ર રોષ

## ડેરીના વહીવટને રાજકારણથી મુક્ત રાખવાની માંગ: વસુધારા ડેરીના ભિષ્મપિતા અને કુશળ વહીવટકર્તા મેનેજીંગ ડિરેક્ટર નરેન્દ્ર વશીની સેવાઓ ચાલુ રાખવાની સભાસદોની વ્યાપક લાગણી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૫**

દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાના ગ્રામીણ આદિવાસી અને ગરીબ મધ્યમ વર્ગના ખેડૂતો અને હજારો પશુપાલકો માટે જીવાદોરી સમાન વસુધારા ડેરીના વહીવટમાં રાજકારણનો પ્રવેશ થતાં પશુપાલકોમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. વસુધારા ડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી ડેરીના ઈતિહાસ જોઈએ તો સર્વાનુમત્તે થતી આવી છે. પરંતુ તાજેતરમાં ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી પછી ચેરમેન અને વાઈસ ચેરમેન પદ માટે ભાજપ તરફથી ડિરેક્ટરોને મેન્ડેટ આપી પક્ષીય રાજકારણ ઘૂસાડવાના કરાયેલાથી સુનિયોજિત પ્રયાસોથી ડેરીના પશુપાલકોમાં ઉગ્ર અસંતોષની સાથે નારાજગી ફેલાઈ છે.


વસુધારા ડેરીની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ચેરમેન પદે રાજેશભાઈ પટેલ અને વાઈસ ચેરમેનપદે સીતાબેન જાદવ બહુમતીથી ચૂંટાયા હતા. આ ચૂંટણીમાં વસુધારા ડેરીની સ્થાપનાથી આજ દિન સુધીના ઈતિહાસમાં પ્રથમવાર ભાજપ તરફથી ડિરેક્ટરોને મેન્ડેટ અપાયો હતો. જોકે આ ભાજપના મેન્ડેટને બહુમતી ડિરેક્ટરોએ ફગાવી દઈ વિશાળ બહુમતીથી રાજેશભાઈ પટેલ અને સીતાબેન જાદવને ડેરીની કમાન સોંપી ભાજપના પક્ષીય રાજકારણને જાકારો આપ્યો હતો. વસુધારા ડેરીમાં આજ સુધી રાજકારણ પ્રવેશ્યું ન હતું અને જેના કારણે ડેરીના બાવન વર્ષના ઈતિહાસમાં ડેરીનો વહીવટ દૂધ જેવા ચોખ્ખો રહેવા પામ્યો છે. જેનો મુખ્ય યશ ડેરીના પદાધિકારોની સાથે ડેરીના કુશળ વહીવટકર્તા અને ડેરીની સ્થાપનાથી લઈ ડેરીને વિશાળ વટવૃક્ષ બનાવવા માટે સિંહ ફાળો આપનાર મેનેજિંગ ડિરેક્ટર નરેન્દ્રભાઈ વશીના કુશળ નેતૃત્વને ફાળે જાય છે.

વસુધારા ડેરીની સ્થાપના વર્ષ ૧૯૮૧માં ૩૦૦૦૦ લિટર દૂધના સંપાદનથી થઈ હતી. આજે ડેરીની દૂધની સંપાદન ક્ષમતા ૧૦.૫૦ લાખ કિલો જેટલી થઈ છે. ડેરીનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૨૭૦૦ કરોડને આંબી ગયું છે. વસુધારા ડેરીના કર્ણધાર અને ભિષ્મપિતા ગણાતા મેનેજિંગ ડિરેક્ટર નરેન્દ્રભાઈ વશીની મેનેજીંગ ડિરેક્ટર તરીકેની સેવાઓ ચાલુ રાખવા માટે ડેરીની વાર્ષિક સાધારણ સભામાં ઠરાવ કર્યો હતો. તેની વિરુદ્ધ જઈ ગતબોર્ડની અંતિમ મિટિંગમાં વસુધારા ડેરીના પૂર્વ ચેરમેન ગમનભાઈ પટેલે વિરોધ કરતા એ મીટીંગ મુલતવી રાખવામાં આવી હતી. હવે પછી આ મીટીંગ ૧૬-૦૧-૨૦૨૬ના રોજ મળવા જઈ રહી છે. જેમાં નરેન્દ્રભાઈ વશીની મેનેજીંગ ડિરેક્ટર પદની સેવાઓ વસુધારા ડેરીમાં ચાલુ રાખવા માટેનો ઠરાવ થાય એમ મંડળીના સભાસદો આશા રાખી રહ્યા છે. જો તેમ ન થાય તો ડેરીના હજારો સભાસદો અને પશુપાલકોમાં ઉગ્ર રોષ ફેલાઈ શકે તેમ છે. જેની અસર નજીકના ભવિષ્યમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પણ પડી શકે એવી દહેશત વર્તાઈ રહી છે.

વસુધારા ડેરી સાથે ૧૧૦૦થી વધુ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ જોડાયેલી છે. જેની સાથે સવા લાખથી વધુ દૂધ ઉત્પાદકો અને પશુપાલકો જોડાયેલા છે. ડેરીની તાજેતરમાં યોજાયેલી ચેરમેન, વાઈસ ચેરમેનની ચૂંટણીમાં ભાજપનું મેન્ડેટનું નિષ્ફળ ગયેલું રાજકારણ માટે કેટલાક લોકો ડેરીના મેનેજિંગ ડિરેક્ટર નરેન્દ્રભાઈ વશીને જવાબદાર ઠેરવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જે બિલકુલ ગેર વ્યાજબી અને અસ્થાને છે. એવો સ્પષ્ટ મત ડેરીના સભાસદોમાં જોવા મળી રહ્યો છે. વસુધારા ડેરીના હજારો સભાસદો અને સવા લાખ જેટલાં પશુપાલકો અને ખેડૂતો એવી ઈચ્છા રાખી રહ્યા છે કે, આજ સુધી ડેરીના ઈતિહાસમાં ડેરીમાં રાજકારણની દખલગીરી પ્રવેશ્યું નથી. અને તેના કારણે ડેરીનો વહીવટ ચોખ્ખો અને પારદર્શક રહ્યો છે. વસુધારા ડેરી વિકાસના અનેક નવા શિખરો સર કરી રહી છે. ત્યારે ડેરીનો વહીવટ હવે પછી પણ રાજકારણથી મુક્ત રહીને સભાસદો અને પશુપાલકોના વિશાળ જન હિતમાં પારદર્શક રીતે થાય એવી મંડળીના સભાસદો આશા રાખી રહ્યા છે.

# શ્રી વર્ધમાન સેવા મંડળ વાપી દ્વારા બે દિવસીય પક્ષી સારવાર કેમ્પની નાણા મંત્રી કનુભાઈ દેસાઈ સહિત અધિકારીઓએ કરેલી મુલાકાત





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૫**

ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થતા નિર્દોષ પક્ષીઓને સમયસર સારવાર મળી રહે તે હેતુસર શ્રી વર્ધમાન સેવા મંડળ-વાપી દ્વારા તારીખ ૧૪ અને ૧૫ ના રોજ જીઆઈડીસી, ગુંજન, વાપી ખાતે બે દિવસીય ઘાયલ પક્ષી સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ચાલતા 'પક્ષી બચાવો - કરુણા અભિયાન ૨૦૨૬' અંતર્ગત વલસાડ જિલ્લા વન વિભાગ, પશુપાલન ખાતુ ગુજરાત સરકાર તથા વિવિધ સેવાભાવી સંસ્થાઓના સહયોગથી આ પ્રાથમિક સારવાર કેન્દ્ર વર્ષ ૨૦૧૦ થી સતત કાર્યરત છે.

આ કરૂણા અભિયાન અંતર્ગત શરૂ કરાયેલા સેવા કેન્દ્રની ગુજરાત રાજ્યના નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, તેમની ટીમ તથા વલસાડ ડી.વાય.એસ.પી. શ્રી બી.એન. દવે દ્વારા મુલાકાત લેવામાં આવી હતી અને સેવા કાર્યમાં જોડાયેલા કાર્યકરોને બિરદાવવામાં આવ્યા હતા.

છેલ્લા ૧૬ વર્ષથી કાર્યરત આ કેન્દ્રમાં ઉત્તરાયણ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થયેલા પક્ષીઓ ઉપરાંત પશુઓને પણ સારવાર આપવામાં આવે છે. આ સેવા કાર્યમાં પશુ ચિકિત્સક ડૉ. જલેન્દ્ર કે.માહલા, શ્રી નિલેશ રાયચુરા, શ્રી નિલેશભાઈ મશ્કારીયા, શ્રી અતુલભાઈ શાહ, શ્રી વર્ધમાન શાહ સહિત મંડળના સભ્યો સક્રિય રીતે જોડાયા હતા. આ કરૂણા અભિયાનમાં વર્ધમાન સેવા મંડળ-વાપી, ટિંકુ મેમોરિયલ ટ્રસ્ટ-વાપી, આદિજીન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ-મુંબઈ તથા વાપી એનિમલ રેસ્ક્યુ ટીમ દ્વારા સંયુક્ત રીતે સેવાકીય કામગીરી કરવામાં આવી હતી.

# વલસાડ જિલ્લામાં 'કરૂણા અભિયાન' અંતર્ગત ઉત્તરાયણ પર્વમાં ઈજાગ્રસ્ત પશુ-પક્ષીઓના જીવ બચાવાયા




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૫**

વલસાડ જિલ્લામાં કરૂણા અભિયાન અંતર્ગત વલસાડ અને વાપી ખાતે એક કરૂણા અને એક ફરતુ પશુ દવાખાનુ કાર્યરત છે, જેમાં એક કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ, એક ૧૦ ગામ દીઠ એક ફરતું પશુ દવાખાનુ કાર્યરત છે. જેમાં બે પશુ ચિકિત્સક ડૉ.ધવલ પટેલ, ડૉ.પ્રતાપ મૂન, પાઈલટ મિત્ર કેવિનભાઈ, જિજ્ઞેશભાઈ અને EMRI green health service ના પ્રોજેક્ટ કોર્ડીનેટર નિરવ પ્રજાપતિ ખડે પગે કાર્યરત છે.

ગતરોજ ઉત્તરાયણ પર્વ દરમિયાન પક્ષી અને પશુ સહિત અનેક અબોલ જીવોને નવું જીવન મળ્યું હતું. આથી વલસાડ જિલ્લાની જનતાને જણાવવામાં આવે છે કે, હજુ તા.૧૬મી જાન્યુઆરી સુધી કરૂણા અભિયાન ચાલુ રહેશે તો પશુ કે પક્ષીની સારવાર જણાય તો ટોલ ફ્રી નંબર ૧૯૬૨ પર ફોન કરીને અબોલ જીવનો જીવ બચાવવામાં સહયોગ પ્રદાન કરે એવી પશુપાલન અને EMRI GREEN HEALTH SERVICES તરફથી અખબારી યાદીમાં જણાવાયું છે.

# શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં નાનકડા વિદ્યાર્થીઓએ રંગબેરંગી પતંગો સાથે મકરસંક્રાંતિની ઉજવણી કરી




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૫**

શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર સંચાલિત શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં મકરસંક્રાંતિ પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. ધોરણ ૧ અને ૨ના નાનકડા વિદ્યાર્થીઓએ પતંગ ઉડાવીને આ પવિત્ર પર્વની રમૂજ માણી હતી.

શાળાના આચાર્ય શ્રી ચંદ્રવદનભાઈ પટેલના માર્ગદર્શન અને આયોજન હેઠળ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ધોરણ ૧ અને ૨ની શિક્ષિકાઓ શ્રીમતી વૈશાલીબેન પટેલ અને શ્રીમતી હેમાબેન પટેલે આ ઉજવણીને સફળ બનાવવા માટે વિશેષ પ્રયત્નો કર્યા હતા. શિક્ષિકાઓએ બાળકોને મકરસંક્રાંતિના પર્વનું મહત્વ અને પરંપરા વિશે પણ માહિતી આપી હતી.

શાળાના વિશાળ મેદાનમાં વિદ્યાર્થીઓએ રંગબેરંગી પતંગો ઉડાવી હતી. આકાશમાં લાલ, પીળી, લીલી, વાદળી અને અનેક રંગોની પતંગો લહેરાતી જોઈ બાળકો ખૂબ જ આનંદિત થયા હતા. નાનકડા વિદ્યાર્થીઓએ મોટા ઉત્સાહથી પતંગ ઉડાવવાનો પ્રયાસ કર્યો હતો અને શિક્ષકોના સહયોગથી તેઓ સફળ પણ થયા હતા. સાથે જ શાળાની ગૌશાળાની મુલાકાત લઈ ગૌ માતાઓને લાડુ ખવડાવી ગૌ સેવાના મહત્વ વિશે પણ બાળકોને માહિતગાર કર્યા હતા. બાળકોને સાંસ્કૃતિક મૂલ્યો અને પરંપરાઓથી બાળકોને પરિચિત કરાવવાનો પણ આ કાર્યક્રમનો ઉદ્દેશ હતો.

આચાર્ય શ્રી ચંદ્રવદનભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'આપણી સાંસ્કૃતિક પરંપરાઓને નવી પેઢી સાથે જોડવી તે શિક્ષણનો અહમ ભાગ છે. મકરસંક્રાંતિ જેવા પર્વો દ્વારા બાળકોમાં આપણી સંસ્કૃતિ પ્રત્યે પ્રેમ અને આદર જાગૃત થાય છે.નાના બાળકોને પતંગ ઉડાડતા જોઈને ખૂબ આનંદ થયો. તેઓ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો અને પર્વની મજા માણી હતી.

આ કાર્યક્રમ દરમિયાન સુરક્ષાનું પણ વિશેષ ધ્યાન રખવામાં આવ્યું હતું. શિક્ષકો વિદ્યાર્થીઓની સાથે રહીને તેમનું માર્ગદર્શન કરતા હતા. આખા વાતાવરણમાં ઉત્સવનો અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

### ઉત્તરાયણ પર્વમાં

# ચીખલીમાં પતંગના દોરાથી ૬ પક્ષીઓ ઘાયલ: ૯ લોકોને દોરીથી નાની-મોટી ઈજા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૧૫**

ચીખલી તાલુકામાં ઉત્તરાયણમાં પતંગના દોરાથી છ પક્ષીઓ ઘાયલ થયા હતા.જ્યારે નવ જેટલા લોકોને દોરીથી નાની મોટી ઈજાઓ થવા પામી હતી.



પતંગના તીક્ષ્ણ દોરાથી અથડાવાને કારણે કુલ છ પક્ષીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા.જ્યારે અન્ય પક્ષીઓને શરીરના વિવિધ ભાગોમાં સામાન્ય ઈજાઓ પહોંચતા પક્ષીઓને એનજીઓ દ્વારા સારવાર આપી ઉગારી લેવાયા હતા.જ્યારે તાલુકાના વિવિધ રસ્તાઓ પરથી પસાર થતા નવ જેટલા લોકોને પગના ભાગે, કપાળના ભાગે તેમજ શરીરે ઈજા પહોંચતા તબીબી સારવાર લેવાની ફરજ પડી હતી. ઘણા કિસ્સાઓમાં પક્ષીઓ ઝાડ ઉપર લટકેલા ધારદાર દોરામાં ફસાઈ ગયા હતા.જેના કારણે તેઓ જાતે મુક્ત થઈ શકતા ન હતા.આ કપરી પરિસ્થિતિમાં વાઈલ્ડ લાઈફ વેલ્ફેર ફાઉન્ડેશન (નવસારી)ના ટ્રસ્ટી શ્રી હિમલ મહેતા દ્વારા ઝાડ પર લટકેલા પક્ષીઓને સાવચેતીપૂર્વક નીચે ઉતારી તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

# ચીખલી તાલુકાના બલવાડામાં દીપડાએ વાછરડાનું મારણ કરતા ગ્રામજનોમાં ભયનો માહોલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**ચીખલી,(વંકાલ), તા.૧૫:** ચીખલી તાલુકાના બલવાડામાં દીપડાએ વાછરડાનું મારણ કરતા ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

ચીખલી તાલુકાના બલવાડા ગામે દીપડાએ વાછરડાનું મારણ કરતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ગામના પશુપાલક મનોજભાઈ ભગુભાઈ પટેલના કોઢારામાં રાત્રિના સમયે દીપડો ત્રાટક્યો હતો અને ત્યાં બાંધેલા વાછરડાને ફાડી ખાતા રહેણાંક વિસ્તારની નજીક બનેલી આ ઘટનાને પગલે પશુપાલકોમાં ચિંતા વ્યાપી ગઈ છે. ગામના સરપંચ દ્વારા વન વિભાગને જાણ કરવામાં આવતા વન વિભાગ દ્વારા જરૂરી તપાસ કરી પાંજરું ગોઠવવાની તજવીજ હાથ ધરી હતી.




# પારનેરા ડુંગર આરોહણ-અવરોહણ સ્પર્ધા અન્વયે પારનેરા ગામથી મંદિર તરફ અને ડુંગર તળેટીથી પારનેરા ગામ તરફ જતો રસ્તો બંધ રહેશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૫**

ગુજરાત સરકારશ્રીના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર હસ્તકના કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા વહીવટી તંત્ર વલસાડ દ્વારા આયોજિત રાજયકક્ષાની ઐતિહાસિક પર્વત 'તૃતીય રાજયકક્ષા પારનેરા ડુંગર વલસાડ આરોહણ-અવરોહણ સ્પર્ધા ૨૦૨૫-૨૬' તા.૧૮-૦૧-૨૦૨૬ના રોજ યોજાશે. જેમાં ગુજરાતભરના સિનિયર સાહસવીર ખેલાડી ભાઈઓ અને બહેનો સ્પર્ધામાં ભાગ લેવા ઉપસ્થિત રહેશે.

તા.૧૮-૦૧-૨૦૨૬ના રોજ સવારે ૦૭.૦૦ કલાકથી ૧૦.૦૦ કલાક સુધી પારનેરા ડુંગર તળેટી, પારનેરા સ્થળે સદર સ્પર્ધા હોવાથી, પારનેરા ગામથી મંદિર તરફ જતો રસ્તો તેમજ મંદિરની તળેટીથી ઉપર મંદિર (સ્થાનક) સુધીના પગથિયાવાળો રસ્તા પરથી જાહેર જનતા આવન-જાવન કરી શકાશે નહિ. જેની સર્વ જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે. અતુલ ગ્રામ પંચાયત તરફથી મંદિર સુધી રસ્તો તેમજ પગથીયાવાળો રસ્તો જાહેર જનતા માટે ખુલ્લો રાખવામાં આવ્યો છે.